Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
यावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४६. द्वि. ज्येष्ठ आत्म सं. २७ | अंक ११ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ શ્રીમાન્ આત્મારામજી મહારાજની જયન્તિ..... ... ... | ૨૬૧ | ૬ શ્રીજૈન આત્માનંદ સભા–જન્મ મહોત્સવ. ... ... ... | ૨૭૭ |
| ૨ સુક્ત વચનો. ... ... ... | ૨૬૨ | ૭ વીરના પુત્રોને વીર હાક. ... | ૨૭૮ |
| ૩ જીવનને સાદું સંયમિત ને ધર્મનિષ્ઠ બનાવવું જોઇએ .. ... | ૨૬૩ | ૮ વીષય વાસના. ... ... ... | ૨૮૦ |
| ૪ રાજસિક અને સાત્વિક ધર્મ... | ૨૬૪ | ૯ આપણી ધાર્મિક સંસ્થા–" શ્રી જૈન સંઘની સત્તા. ... ... | ૨૮૧ |
| ૫ ન્હાની ન્હાની વાતો ઉપર ધ્યાન આપવાની જરૂર. ... ... | ૨૭૩ | ૧૦ ચર્ચાપત્ર. ... ... ... | ૨૮૩ |
| | | ૧૧ વર્તમાન સમાચાર. ... ... | ૨૮૬ |
| | | ૧૨ સ્વર્ગવાસ. ... ... ... | ૨૮૮ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીશમા વર્ષની અપૂર્વ ભેટ.

## શ્રીસુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.

(જેમાં ચંદ્રવીરશુભા–ધર્મધન–સિદ્ધદત્ત કપિલ અને સુમુખનૃપાદિ કથાઓ આવેલી છે)

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે, દરવર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈન બંધુઓ વગેરેને જાણવા અને આદરવા યોગ્ય, તત્વજ્ઞાન સાથે ઉપદેશાત્મક વિવિધ ચાર રસિક અને સરલ કથાઓ જેમાં આવેલી છે તેવો ઉપરોક્ત ગ્રંથ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને ભેટ આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

આ ઉપદેશક કથાના ગ્રંથકર્ત્તા મહાન્ ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી મુનિ સુંદરસૂરિજી મહારાજ છે. આ મહાન આચાર્યે આ કથાનો ગ્રંથ ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે. તેમાં આવેલ શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીરશુભાની કથા ૨ દાનાદિ પુણ્ય ફળ ઉપર ધર્મધનની કથા. ૩ શ્રાવકધર્મની આરાધના વિરાધના ઉપર સિદ્ધદત્ત કપીલની કથા અને ચાર નિયમ પાળવા ઉપર સુમુખ નૃપાદિ ચાર મિત્રોની કથા. આ ચાર કથાઓ એટલી બધી સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતા પૂર્ણ, ચમત્કારિક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમરોમ વિકસ્વર થતાં ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે ધર્મવૃતિ આત્મામાં પ્રકટ થતાં તે પ્રમાણે ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, દરેક મનુષ્ય પોતાના આત્માને માટે મોક્ષ નજીક લાવી મૂકે છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇંડીંગ સાથે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. આવી રીતે મોંઘવારી ચાલતી હોવા છતાં અત્યાર સુધી કાંઇ પણ લવાજમ માસિકનું ન વધાર્યા છતાં ( જોકે દરેક માસિકોએ પોતાના લવાજમમાં વધારો કર્યો છે, છતાં) તેજ લવાજમથી આ માસિક અને દર વર્ષની જેમ આ વર્ષે પણ નિયમિત આવી સુંદર બુક ભેટ આપવામાં આવે છે, જે અમારા જૈન બંધુઓના જાણવામાં હોવુંજ જોઇએ.

અત્યાર સુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટ ખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહી. તેટલી સૂચના અમારા સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.

જેઠ શુદ ૨ ના રોજથી અમારા કદરદાન ગ્રાહકોને સદરહુ ગ્રંથ, લવાજમના પૈસાનું પોસ્ટ સાથેનું વી. પી. કરી મોકલવાનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે, જેથી તે પાછું વાળી જ્ઞાન ખાતાને નુકસાન નહિં કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.

---

## વાર્ષિક મેમ્બરોને સુચના.

આ વર્ષના અને ગયા વર્ષના જે મેમ્બરો પાસે ચડેલા લવાજમ જેટલાના પૈસા હશે તે અને વી. પી. પુરતા પોસ્ટના પૈસા સાથે "સુમુખનૃપાદિ ચાર મિત્રોની કથા" ની બુકનું વી. પી. અશાડ સુદ ૨ ના રોજથી લવાજમ વસુલ કરવા બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવશે. જેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

ભાવનગરના રહીશ સભાસદોએ લવાજમ મોકલી ઊપરોક્ત ભેટની બુક મંગાવી લેવી અથવા સભાના કારકુન પાસેથી પહોંચ લઇ અને ભેટની બુક લઇ લવાજમના પૈસા આપવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदाचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ ज्येष्ट. आत्म संवत् २७. [ अंक ११ मो.

ॐ

## श्रीमान् आत्मारामजी महाराजनी जयन्ति.

( ગઝલ-સોયણી )

ગુરૂરાય આતમરામની, ઉજ્જવલ જયન્તિ આજ છે;
આત્માનંદ સમાજ ઉત્સવ, કાજ હર્ષિત થાય છે.
ગુરૂરાયના ગુણની મીમાંસા, આજ કરી આનંદથી,
આનંદવિજયસૂરિશને છે, નમન આત્મિક ભાવથી.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૂક્ત વચનો

૧ સારી સોબતથી ભવ્ય જીવનું ભવિષ્ય સહેજે સુધરે છે.

૨ જેવી સોબત તેવી અસર થવા પામે છે, હલકા લોકની સોબતથી હલકાઇ –નીચતા–ક્ષુદ્રતા પ્રવેશવા પામે છે.

૩ લીમડાની સોબતથી આંબો વિણસી કટુતા પામે છે.

૪ ઉત્તમ સજ્જનોની સંગતિથી સહેજે સજ્જનતા આવે છે.

૫ સ્વાતિનું જળ છીપલીના ગર્ભમાં જવાથી સાચું મોતી પાકે છે, અને સર્પના પેટમાં જવાથી તેનું ઝેર થવા પામે છે.

૬ મેરૂની સોબતથી તૃણ પણ સુવર્ણતાને પ્રાપ્ત કરે છે.

૭ જેથી કંઇ પણ સદ્‌ગુણ મળે એવા સદ્‌ગુણી સંત મહાત્મા, કે તેમનાં હિત વચનોનો સંગ્રહ જેમાં હોય એવા ઉત્તમ પુસ્તકોનો ખૂબ પ્રેમભાવથી પરિચય રાખવો જોઇએ.

૮ તેવા સંત–સાધુ જનો આપણુને માર્ગદર્શક બને છે. એમનાં ઉત્તમ ચરિત્રનો વિચાર કરી યથાશકિત તેનું અનુકરણ કરવાથી આપણું હિત–શ્રેય–સુખ સધાય છે.

૯ આ વિશ્વ–દુનીયા પણ ભારે બોધ શાળાની જેમ આપણુને કંઈક પ્રકારની મીઠા કડવા અનુભવ કરાવી ખરે માર્ગે ચઢવા ને ખોટો માર્ગ તજવા બોધ આપે છે.

૧૦ સહૃદય જનો તેનો સાર સમજી ઠેકાણે પડી જાય છે. અને સ્વ આશ્રિત જનોને સન્માર્ગે ચાલવા પ્રેરણા કરે છે.

૧૧ ગુણ ગુણીજનોમાં રહે છે–ધર્મ ધર્મીજનોમાં નિવસે છે.

૧૨ ધર્મી–સદ્‌ગુણી જનોની સાચા ભાવથી સેવા–ભકિત–અનુમોદના–પ્રશંસાદિક કરવાથી, પોતે ધર્મી–સદ્‌ગુણી બને છે. યા તેવી પાત્રતા–યોગ્યતા–લાયકાત પોતાનામાં આવે છે.

૧૩ શુદ્ધ ધર્મ કરણી યથાવિધિ કરવા, કરાવવા કે અનુમોદવાથી ભારે લાભ થવા પામે છે, વધારે નહીં તો છેવટે તેને અછતા દૂષણ નહીં દેનારને પણ લાભ છે.

૧૪ ધર્મી–સદ્‌ગુણી જનોની શુદ્ધ ધર્મ કરણી દેખી દિલમાં રાજી–પ્રમુદિત –આનંદિત થવાને બદલે જે પેટ બળ્યા ઉલટા ખેદ, તિરસ્કાર દાખવી તેમની નિંદા ખિંસા કે હેલનાદિક વડે આશાતના કરે છે તે મંદભાગી જનો પોતેજ ખોદેલા ખાડામાં પોતે પડે છે–દુ:ખી થાય છે અને કર્યું કારવ્યું બધું ધૂળ મેળવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૫ ગમે એટલો તપ જપ કરનાર-ક્રોધાદિક કષાયને વશ થઈ, પુન્ય-અમૃત ઢોળી નાંખે છે અને પાપ-ઝેરને ભરી લે છે.

૧૬ મન વચન કાયા અથવા વિચાર ને આચારની એકતા-સરલતા ( અશઠતા ) થીજ કલ્યાણ સિદ્ધિ છે.

૧૭ જેવું સદ્વર્તન બીજા પાસેથી આપણે ઈચ્છીએ તેવુંજ સદ્વર્તન આપણી પાસેથી બીજા પણ ઇચ્છેજ. તોપછી કોઇને મનસા વચસા કે કર્મણા ( મન વચન કાયાથી ) પ્રતિકૂળતા કેમજ ઉપજાવી શકાય ? કે દુઃખ દઇ શકાય ?

૧૮ સુખ દુઃખની લાગણી સહુને સમાન છે, તોપછી દુઃખનો માર્ગ તજી, સુખનોજ ખરો માર્ગ સહુએ આદરવો યુકત છે.

૧૯ ક્ષમા-સહનશીલતા, સભ્યતા-નમ્રતા, સરલતા અને સંતોષાદિ સદ્ગુણો સાક્ષાત્ કલ્પવૃક્ષ પેઠે સુખ-શાન્તિ અર્પી શકે છે. તેનો અનાદર કરી જે મંદભાગી જનો ક્રોધ, માન, માયા અને લોભવશ બને છે તે પોતે ભારે દુઃખી થાય છે અને બીજાને કરે છે.

૨૦ રાગ દ્વેષ રૂપ વિષમ પરિણામ તજી જે મહાનુભાવો સાચો સમભાવ ધારણ કરે છે-આદરે છે તે ગમે તે મત-સંપ્રદાયમાં રહ્યા છતાં સુખે સ્વહિત સાધી શકે છે.

૨૧ જૈન શાસનનું એજ ખરૂં રહસ્ય છે, તે સદા જયવંત વર્તે છે.

——— લે-મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

## જીવનને સાદું સંયમિત ને ધર્મનિષ્ઠ બનાવવા આપણે સહુએ બનતું કરવું જોઇએ.

૧ ખાનપાનમાં ખાસ નિયમિત થવું જોઈએ.

૨ શુદ્ધ સાત્વિક ને સાદું ખાનપાન કરવું જોઈએ.

૩ શરીરનું આચ્છાદન કરવા માટે શુદ્ધ નિર્દોષ વસ્ત્ર વાપરવા જોઇએ. વિદેશી કે સ્વદેશી સદોષ વસ્ત્રો ઉપરનો મોહ જલ્દી તજવો જોઈએ.

૪ બીજી પણ અનેક મોહક વસ્તુઓ કે જેના વગર આપણે સુખે ચલાવી શકીએ તેની મમતા તજવી અને થોડી નિર્દોષ વસ્તુથી સંતોષ રાખવો જોઇએ. એજ સાદાઇની ચાવી લેખાય.

૫ અહિંસા ધર્મનો અધિક પ્રચાર કરવા મથવું જોઇએ.

૬ શુદ્ધ સાત્વિક ભાવના દિલમાં સંઘરવી જોઈએ.

૭ પરમાર્થની ખાતર સ્વાર્થને જતો કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮ આપણા સ્વજનાદિકને શાન્તિથી ખરો માર્ગ સમજાવવો કે જેથી તેઓ આપણા કામને પુષ્ટિજ આપે.

૯ ક્ષમા–સહનશીલતા, નમ્રતા–સભ્યતા, સરલતા અને સંતોષાદિક વડે–ક્રોધાદિક કષાયને ખાળવા જોઇએ.

૧૦ સત્ય–પ્રમાણિકતાનું ધોરણ દ્રઢ કરવું જોઇએ.

૧૧ મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવને હૃદયમાં દ્રઢ રૂઢ કરી સ્વપર હિતમાં વધારો કરવો ઘટે. એજ ધર્મનો પાયો–ધર્મને ટકાવનાર અને સાર્થક કરનાર છે. સહુને સદબુદ્ધિ સુઝો. ઇતિશમ્

લે—મુનિરાજશ્રી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# રાજસિક અને સાત્વિક ધર્મ.

એકજ પ્રકારની ધર્મની ભાવના, મનુષ્યની પ્રકૃતિને અનુસરીને માનવ–જીવનમાં અનેક રૂપ પરિણામ પામે છે. તે પરિણામના મુખ્ય પણે બે સ્વરૂપો ગણી શકાય, એક રાજસિક અને બીજું સાત્વિક. એ બન્નેના લક્ષણો, કાર્યો અને પરિણામો એક બીજાથી તદ્દન જુદા છે. સંક્ષેપમાં ધર્મના સાત્વિક સ્વરૂપમાં વિશુદ્ધ જ્ઞાન, ઇશ્વર પ્રત્યે નિર્મળ ભકિત, પ્રાણી માત્રમાં નિર્પેક્ષ પ્રેમ, ચારિત્રમાં અડગ સંયમ, અને કર્તવ્યમાં દ્રઢતા હોય છે; અને રાજસિક ધર્મ ભાવનામાં અહંતા, કર્મના ફળની સ્પૃહા, બુદ્ધિજન્ય તર્કવિતર્ક અને ચારિત્ર તેમજ કર્તવ્યમાં અસ્થિરતા, ચંચળતા અને વિકળતા હોય છે. તમો ગુણના પ્રાધાન્યવાળી અવસ્થામાં ધર્મની ભાવના હોતીજ નથી. તે સ્થિતિમાં મોહનો ગાઢ અંધકાર, અજ્ઞાન, પાપમાં આસક્તિ અને આત્મકલ્યાણના વિષયમાં તદન બેદરકારી હોય છે. તેથી આ લેખમાં તમોગુણવાળી ધાર્મિક અવસ્થાનો ઉલ્લેખ કરવા ધારણા રાખી નથી. માત્ર રાજસિક અને સાત્વિક ધર્મવૃત્તિનું વિવરણ કરી, સાત્વિક ધર્મની ભાવના વાચકના હૃદય ઉપર અંકિત કરવા પ્રયત્ન કરીશું.

જેમની ધર્મ–ભાવનામાં રાજસિક વૃત્તિનું પ્રાધાન્ય હોય છે તેઓ હમેશાં પોતાનું ગૌરવ, પોતાની વડાઇ અને જગતની દ્રષ્ટિએ પોતે બીજા કરતાં ચડીઆતા છે એમ દર્શાવવા ઇંતેજાર રહે છે. આપણામાં રાજસિક ભાવનો અંશ કેટલો છે તેની પરીક્ષા આપણે પોતે માત્ર આ કસોટીથી એકજ ક્ષણમાં કરી શકીએ. અનેક મનુષ્યોમાં એક એવા પ્રકારનું ગુપ્ત સામર્થ્ય રહેલું છે કે જેના પ્રભાવથી તેઓ આ જગતમાં અનેક મહાન કાર્યો કરી શકે છે. જે વિઘ્નો અને અંતરાયોથી સામાન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યો ગભરાઈ જાય તે વિઘ્નો અને અંતરાયોની સામે લડત ચલાવવા માટે આવા મનુષ્યોમાં એક અદમ્ય શકિત હોય છે. રોગ, શોક, દારિદ્રય, ચોતરફનો વિરોધ, કૌટુમ્બિક વિપત્તિઓ એ કશાથી ન દબાતા તેઓ પોતાના અભિષ્ઠ માર્ગે તીરની માફક છુટે છે. મુશ્કેલીઓના પર્વત જેવડા તરંગો ઉપર થઈને તેઓ પોતાનું નાવ સાહસ અને ધીરજથી હંકાર્યેજ જાય છે. આવી પ્રકૃતિના મનુષ્યો જ્યારે કોઇ ઉચ્ચ કાર્ય હાથમાં લે છે ત્યારે તેઓ પોતાની સર્વ શકિતનો પ્રયોગ તે કાર્યને સિદ્ધ કરવા માટે કરે છે, અને તેમની અસામાન્ય કાર્યશીલતા જગતને આશ્ચર્યમાં નિમગ્ન કરી દે છે. સારા અને નરસા, શુભ કે અશુભ જે જે સંકલ્પોને સિદ્ધ કરવા તેઓ પોતાના મન ઉપર લે તેને પાર પાડતા સુધી તેઓને જંપ વળતો નથી. આવા મનુષ્યો જ્યારે કોઈ ધર્મના કાર્યમાં પડે છે ત્યારે તે દિશામાં તેમનું વીર્ય અવશ્ય અદ્ભુત પ્રકાશ પામી ઉઠે છે. તેઓ ધાર્યા પ્રમાણે તે કામ પાર ઉતારે છે. તેમણે એકાદ દેરાસર, ઉપાશ્રય, બૉર્ડીંગ કે એવી કોઇ લોકોપકારક સંસ્થા માટે ફન્ડ કરવાનું મન ઉપર લીધું હોય તો ગમે તે પ્રકારે ગમે તેવા સાધનોથી ધાર્યા પ્રમાણે રકમ ઉભી કરી દે છે. જ્ઞાતિ, સમાજ કે ધર્મ સ્થાનમાંથી કોઇ અનિષ્ટ સત્તાને તોડી પાડવાનું તેઓ ધારે તો તે ઉદ્દેશ સિદ્ધ થયેજ તેઓ વિરમે છે. પરંતુ આ બધા શુભ કાર્યની પછવાડે કઇ ભાવના કામ કરતી હોય છે ? તેમની અહંવૃતિ. આખા જગતની આબરૂ મેળવવાનો લોભ. તેમના પોતાના ગૌરવનું અન્વેષણ. તેમના પોતાના અભિમાનની તૃપ્તિ. તેમના મહાન્ કાર્યોનો બોજો તેમના પોતાના અભિમાનરૂપી ઇન્જીન વડે ખેંચાય છે. તેમના કાર્યોની પ્રેરક–ભાવના રૂપે તેમનું પોતાનું અહંપણું હોય છે. એમના કાર્યો જ્યારે સફળ થાય છે ત્યારે તેમની નજર ઇશ્વર તરફ હોતી નથી. પણ અજ્ઞાનપણે પોતાના ઉપરજ હોય છે. જે શકિતનો પ્રયોગ તેમણે કાર્યની સિદ્ધિ અર્થે કરેલ હોય છે તે શકિતને પોતાની સ્વ–શકિત ગણે છે, અને કાર્યની સફલતા રૂપી પરિણામનો બોજો ઇશ્વરને નહીં સોંપતા તેનો દાવો પોતે રાખી પોતાની અંહતાને પોષણ આપે છે.

જેઓ રાજસિક વૃતિથી ધર્મના ક્ષેત્રમાં કાર્ય કરે છે તેઓનો આનંદ જુદાજ પ્રકારનો હોય છે. સત્યના રાજ્યનો વિસ્તાર થતો જોઇ, અથવા ધર્મનો જય થતો નિહાળી આનંદ માનવાને બદલે તેઓ પોતાની શક્તિનો વિજય દેખી હર્ષ પામે છે. તેઓ એમ માનતા હોય છે કે આ ગામમાં આટલો મોટો ઉપાશ્રય, દેરાસર, વિદ્યાલય, આદિ સંસ્થાઓ ઉભી થવા પામી છે તેમજ રીતસર જ્ઞાતિ–સંઘનું જે કાર્ય ચાલે છે તે મારા પોતાના પ્રતાપથી ! હું ન હોત તો અગર મેં તેમાં જીવ ન ઘાલ્યો હોત તો, મારો હાથ ન હોત તો પામર જીવોથી કાંઇ થવાનું ન હતું. તેઓ ધર્મની પોતાની શકિતમાં અગર આ વિશ્વમાં જે પરમ મંગળ નિયમ કાર્ય કરી રહ્યો છે તેના કલ્યાણકારક પ્રવર્તનમાં વિશ્વાસ રાખતા નથી. અર્થાત્ તે તે કાર્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધિ થવામાં ધર્મ અગર સનાતન નિયમની સત્તા જોવાને બદલે તેઓ પોતાની શકિતનો પ્રભાવ જુએ છે. આવા રાજસિક ધર્મ ભાવ-સંપન્ન મનુષ્યો કદાચ મોઢેથી તો એમજ બોલે કે "ભાઇ, આ બધાં સારાં વાનાં થવામાં ધર્મનો પ્રતાપ છે; આપણે શું કરી શકવાના હતા ? આપણે તો સમાજ સેવા કરવાની છે. આપણું ગજું પણ શું ?" તેમ છતાં તેમના અંતરમાં એવા પ્રકારનું અભિમાન ગુપ્તપણે સળગ્યાજ કરતું હોય છે કે મારા જેવી શકિતવાળો તેમજ સંપત્તિવાળો માણસ જો આમાં ન ભળ્યો હોત તો કશુંજ થવાનું ન હતું તેને એમ લાગ્યા કરે છે કે મારામાં દિવ્ય શકિત જાગી છે, હવે પૈસા પણ સારા પેદા થાય છે, હવે આપણે કોઈની પરવા પણ નથી અને તેના પ્રભાવથી હું ગમે તેવા વિઘ્નોના હિમાલયોને ઓળંગી શકું તેમ છું. મારા ગુણોના પ્રભાવે ઇશ્વર મારા ઉપર મહેરબાન છે, અને મારી આંતરિક યોગ્યતાના લીધે દૈવી શકિતઓ મને આ બધો યશ અપાવે છે. આ પ્રમાણે દરેક સફળતામાં તેમનું અભિમાન તો કાયમનું કાયમજ હોય છે.

અમુક મનુષ્યની ધર્મ-ભાવના અહંતાયુકત, રાજસિક પ્રકૃતિવાળી છે કે અહંતા વિનાની શુદ્ધ સાત્વિક પ્રકૃતિની છે, તેની કસોટી કરવાની રીત આ પ્રમાણે છે; તેની મૌખિક નિરાભિમાનીતા અને નમ્રતાથી ન છેતરાતા તેની પાસે જરા સાહસ પૂર્વક જઈને કાંઈક આવા ભાવના વચનો કહેવા કે:-" આમાં તમે શું મોટું મહાભારત કામ કરી નાખ્યું છે ? એ તો અમુક અમુકની મદદ હતી ત્યારે તમે જરા આગળ ચાલીને કરેલું છે, અને ખોટો જશ લીધો છે. દુનિયાને તમે છેતરી શકો, પણ હું તો તમારા બધા કામો માયલા પેટે જાણું છું. મારાથી તમારૂ એકે તર્કટ અજાણ્યું નથી. તમારા જેવા નમાલા અને બાયલાથી શું દાળદર ફીટવાનું હતું. તમે તો માત્ર ખોટા ઢોંગ અને આડંબરથી દુનિયાને છેતરવામાં પ્રવીણ છો. " આવા ભાવના વાણી પ્રહારથી જો તેઓના ધર્મકાર્યની પ્રેરક ભાવના રાજસિક પ્રકારની હશે તો તેમનું સાચું જીગર ખુલ્લું થઇ જશે. તેમની શકિત અને પ્રભુત્વ ઉપર આઘાત થતાં તેમનું અભિમાન એ વિષધરની ફણાની પેઠે ઉછળી ઉઠશે. તેમની પ્રકૃતિમાં છુપાએલું રાજસ તત્વ એક ભયાનક તોફાનનું રૂપ પકડશે. તેમની અહંતા તેમના ચક્ષુમાં લાલ અંગારા રૂપે પ્રકાશી નીકળશે. તેમનું રકત આખા શરીરમાં ઝડપથી ફરવા લાગશે. તે વખતે તેમના મનમાં એમ થઇ આવશે કે મારી મહેનતથી ઉભી કરેલી સંસ્થાઓ જાણે આજ ક્ષણે તોડી પાડું ! તેમની શકિતનો પ્રવાહ તે ક્ષણથી તેના વિરોધીઓને ખુવાર કરવામાં વળે છે. અને મનુષ્યના કરેલા ઉપકાર અને સ્નેહ ભૂલી જાય છે. તેમને એમ લાગે છે કે આ સારા કાર્યમાં મેં જે મહેનત કરી તે બધી નિષ્ફળ ગઇ, કેમકે આ બેકદર અને કૃતજ્ઞતા વિહીન મુર્ખાઓને મારી મહેનત અને શક્તિનો કશોજ ખ્યાલ નથી ! પોતાના ગૌરવની આ પ્રમાણે બેકદર થતી નિહાળી તેઓને બહુ માઠુ લાગી જાય છે. તેઓ દાંત ઘસે છે, ગર્જન તર્જન કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, અને પોતાના ગૌરવની હાનિ થતી નિહાળી જાણે તેમના માથે વિપત્તિનો પર્વત તુટી પડયો હોય એમ તેમને લાગી આવે છે. આમ થવાનું કારણ એ હોય છે કે તેમની ધર્મ-ભાવનાની પછવાડે જે પ્રેરક બળ રહેલું હોય છે તે શુદ્ધ સત્વગુણ યુકત હોતું નથી, પણ અભિમાનવાળું હોય છે. તેઓ ધર્મનું, ઇશ્વરનું અને વિશ્વના સનાતન મંગળ નિયમોનો વિજય શોધતા નથી, પણ પોતાના ગૌરવ માટે, પોતાની મહત્તા વધારવા માટે મહેનત કરતા હોય છે. આવી રાજસિક વૃતિ ઉપર ચણાયેલી ધર્મ-ભાવનાની ઇમારત લાંબો કાળ ટકતી નથી. તે આજે નહી તો થોડા કાળ પછી પણ તુટી પડવાજ નિર્માએલી હોય છે.

સાત્વિક ધર્મ ભાવનું લક્ષણ અન્ય પ્રકારનું હોય છે. સાત્વિક પ્રકૃતિવાળા મનુષ્યો, રાજસિક પ્રકૃતિવાળા બંધુની પેઠેજ ઉદ્યોગ કરે છે. કાર્યમાં નિરંતર જોડાએલા રહે છે, આત્મ શકિતનો પ્રયોગ કરે છે. પોતાની શ્રદ્ધામાં દ્રઢપણે કાયમ રહે છે. પરંતુ તે બધાની પાછળ કોઇ પ્રકારની અહંતા નથી હોતી. આત્મ-ગરિમાની ક્ષુદ્ર વૃતિ એના મન, વચન અને કર્મના યોગની નિયામક હોતી નથી. તેની પ્રેરક ભાવના માત્ર સત્ય, ન્યાય, દયા, પરોપકાર, જન સેવા, અને ધર્મના રાજ્યનો વિસ્તાર કરવાની હોય છે. તેના કર્તવ્યની દ્રઢતાનો પાયો ઇશ્વરી નિયમોની પ્રગાઢ નિષ્ઠા ઉપર રહેલો હોય છે. તેને નિંદા કે સ્તુતિની કશી અસર પહોંચી શકતી નથી. લોકો તેના પ્રત્યે વિરોધી ભાવ રાખતા હોય અગર તે પોતે લોકોના અમુક પ્રકારના આચરણથી વિરૂદ્ધ હોય છતાં તેનામાં લેશ પણ વિદ્વેષ હોતો નથી. તે માત્ર તેની શ્રદ્ધા પ્રમાણે ધર્મ અને પ્રભુ આજ્ઞાના ધ્રુવ તારા તરફ દૃષ્ટિ રાખી પોતાના કર્તવ્યનું નાવ હંકારે છે. તે મહાન વિચારક હોવા છતાં પારકાના વિચારો કે અભિપ્રાયો તરફ તેને ઉપેક્ષા બુદ્ધિ હોતી નથી. પોતાના અભિપ્રાયને બીજા તરફથી ટેકો મળે કે ન મળે તેમ છતાં તે પોતાના કાર્યમાં જોડાએલોજ રહે છે. પારકાના કામોની તે ટીકા કરતો નથી. માત્ર પોતાના જે કાર્યને તે સત્ય ગણે છે, કરવા યોગ્ય માને છે, ધર્મ તરીકે સ્વીકારે છે તે અડગપણે .લોકદૃષ્ટિની પરવા રાખ્યા વિના કર્યે જાય છે. કોણ શું કહેશે, અગર શું બોલશે તે તરફ તેની નજર હોતી નથી, તેની નજર માત્ર તેના અંતરમાં જે ધર્મ-પુરૂષ વિરાજી રહ્યો છે તેની આજ્ઞા તરફ હોય છે. તે પોતાનું અંગત મહત્વ કે ગૌરવ શોધતો નથી. ધર્મ અને વિશ્વવ્યાપી સનાતન મંગળ નિયમનું ગૌરવ ઇચ્છે છે. પોતે માત્ર તે નિયમના એક સાધન રૂપે હોવામાં સંતોષ માને છે.

રાજસિક ધર્મ-વૃતિવાળા મનુષ્યો પોતાની શકિતમાં વિશ્વાસ રાખે છે. તેમની દૃષ્ટિ પોતાની અંગત યોગ્યતા અને પ્રભુત્વ ઉપર હોય છે, અને ગમે તેવા વિકટ મામલામાં તે પોતાની શકિતથી મથવાનો દાવો રાખે છે. કોઇ પણ કાર્યમાં પડવા વખતે તે અખાડામાં કુસ્તી કરવા માટે ઉતરતા પહેલવાનની માફક પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકિતમાન બાહુને અભિમાનથી થાબડે છે. પોતાની લાગવગ, પ્રભાવ, ધન બળ, કીર્તિ અને શક્તિ ઉપર તે નજર ફેરવી જાય છે, અને ધારેલા કાર્ય સોંસરા પડવા માટે આવશ્યક જોસ ઉપજાવી લે છે. કોઈપણ વિઘ્ન પ્રસંગે તે બોલી ઉઠે છે કે “ કોની તાકાત છે કે મારા રસ્તાની આડે આવી શકે ? મેં તો આવા કાંઇક મામલા જોયા છે. કાંઇક વિઘ્નો અને અંતરાયો ઉપર વિજય મેળવ્યો છે. ” તે પોતાની શકિતના દર્પથી પોતાની છાતી ફુલાવતો ફુલાવતો પોતાનો માર્ગ કાપે છે. ચોતરફ અભિમાન અને અવજ્ઞાની દૃષ્ટિ ફેંકતો ચાલે છે, પોતાની શકિતમાટે મનમાં મનમાં અભિમાન અને આનંદ લેતો જાય છે.

સાત્વિક ધર્મ વૃતિવાળા મનુષ્યોના અંતરનું સ્વરૂપ આથી જુદુંજ હોય છે. તેમનો વિશ્વાસ પોતાની નાનીશી શકિત ઉપર હોતો નથી. પણ વિશ્વના મહામંગળ નિયમની અમોઘ શકિત ઉપર હોય છે. તે એમ માને છે કે જે સનાતન નિયમના આધારે આ વિશ્વમાં ધર્મનો આખરી જય થાયજ છે, જે પરમ કલ્યાણકાર વિધાનના પ્રભાવથી અહિંસા, સત્ય, અસ્તેય, આદિ ઉત્તમ આચારો મનુષ્યને ઇશ્વર-ત્વની ભૂમિકામાં દોરી જાય છે, તે નિયમ અને તે વિધાનમાંજ મારી શકિત રહેલી છે. તે પોતાને એક પક્ષી જેવો ગણે છે. પક્ષી પોતાની ઉડવાની ક્રિયામાં જેમ પાંખને માત્ર એક ક્ષુદ્ર અવલંબન ગણી ખરો આધાર વાતાવરણ ઉપર, વાયુની ગતિ ઉપર અને આકાશમાં કાર્ય કરી રહેલા કુદરતી નિયમો ઉપર રાખે છે તેમ સાત્વિક ધર્મ વૃતિવાળો મનુષ્ય પોતાની બુદ્ધિ, મન, અને શરીરને માત્ર પોતાની ક્રિયાના એક ગૌણ અવલંબન તરીકે ગણી પોતાની ખરી શકિત તરીકે વિશ્વમાં પ્રવર્તિ રહેલા કલ્યાણકર મંગળ નિયમનેજ સ્વીકારે છે. તે પોતાની કાર્ય સિદ્ધિના સાધન તરીકે પોતાની દૃષ્ટિ પોતાના ધન–બળ, લાગવગ, પ્રભાવ કે લૌકિક બળ ઉપર રાખતો નથી, પણ ઉપરોકત નિયમનેજ મુખ્ય આધારરૂપ સ્વીકારે છે. ઇશ્વરની અમોઘ સહાયનેજ તે સર્વસ્વ ગણે છે. તેના મનમાં એવો વિશ્વાસ રહ્યાજ કરે છે કે ઇશ્વર નિરંતર મારી પડખેજ છે. મારે ભય રાખવાનું કશુંજ કારણ નથી. તેને પોતાના કાર્યમાં સફળતા મળે કે ન મળે છતાં તેથી તેને લેશ પણ હર્ષ કે વિષાદ થતો નથી. તે પગલે પગલે ઇશ્વરની કૃપા અને સહાયની યાચના કરે છે, અને પોતાના અંતરમાં ઇશ્વરી પ્રકાશ માટે આકાંક્ષા રાખે છે., તે અત્યંત વિનયવાન, નમ્ર અને નિરાભિમાન હોય છે, તે પોતાને માત્ર ઇશ્વરની આજ્ઞાના દૂત તરીકે ગણી પ્રાપ્ત કાર્યમાં પોતાની સર્વ પ્રકારની સર્વ શકિતથી લાગી જાય છે. તે પોતાના “ હું ” ને કે અભિમાનને કોઇ બાબતમાં આગળ કરતો નથી. તેણે પોતાની અહંતા ઇશ્વરમાં અર્પી દીધી હોય છે.

રાજસિક અને સાત્વિક ધર્મ ભાવમાં એક બીજો મોટો ભેદ હોય છે. રાજસિક ભાવની ગતિ રચવા કરતાં તોડવા તરફ અધિક હોય છે. આવી પ્રકૃતિવાળા મનુષ્યો નિરંતર વાદવિવાદ કર્યા કરે છે. તેઓ પોતાના માનેલા મતથી વિરૂદ્ધ મતવાળાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે લડાઇ કરવા તૈયાર રહે છે. તેઓ પોતાના વિચારોને મહાન, ઉદાત્ત, અને શાવ્ય ગણે છે; અને બીજાના અભિપ્રાયો અને ભાવનાઓને માલ વિનાની અને સારહીન ગણે છે! હિંસક પ્રાણીઓ જેમ પોતાના શીકારનો નાશ કરી આનંદ માને છે તેમ આવી પ્રકૃતિના મનુષ્યો પારકાના મત, શ્રદ્ધા કે વિશ્વાસનું ખંડન કરી આનંદ માને છે. તેઓ મૂર્તિ પૂજક હોય તો નિરાકાર ઉપાસનાનું ખંડન કરી પોતાની છાતીને એક ગજ ઉંચી ફુલાવે છે. અને મૂર્તિપૂજાના વિરોધી હોય તો સાકાર ઉપાસનાની મન માનતી નિંદા કરી આનંદની સોળે કળા અનુભવે છે. સાત્વિક ધર્મ–ભાવવાળા મનુષ્યો આ પ્રકારે ખંડનાત્મક પદ્ધતિએ કશું કાર્ય કરતા નથી. તેઓ માનવ-હૃદયના પવિત્ર, સુકોમળ અને ઉચ્ચ ભાવો પ્રત્યે સહાનુભૂતિવાળા હોય છે, પોતાના મતથી ગમે તેવો વિપરીત અભિપ્રાય ધરાવનાર પ્રત્યે પણ તેઓ પ્રેમ ભરી દૃષ્ટિએ નિહાળે છે. તેઓ એમ માને છે કે સર્વ પ્રકારના મત, અભિપ્રાય, વિશ્વાસ, શ્રદ્ધા અને માન્યતાની પછવાડે એકજ મહાસત્તાનો મંગળ હસ્ત રહેલો છે. જુદાજુદા દેશકાળમાં જુદાજુદા સંયોગોના પ્રભાવથી, જુદીજુદી પ્રકૃતિઓમાં એકજ ધર્મ તત્વ અનંતરૂપે પ્રકાશ પામે છે. સર્વના હૃદયમાં એ કલ્યાણકર મહાતત્વ વિરાજમાન રહી તેતે જીવાત્માના ઉદ્ધારનું કાર્ય નિરંતર કરી રહેલ છે. મત અને અભિપ્રાયોને તે ક્ષણિક માને છે. અને તેમાં વિવાદ કરવા સરખું અગર વિદ્વેષ રાખવા જેવું કશુંજ જોતા નથી. તેમના મન, વાણી અને કાર્યમાં વિનય, શ્રદ્ધા, સાધુતા, ભક્તિ આદિ ઉચ્ચ ભાવો પ્રકાશી રહ્યા હોય છે. કશું ભાંગવાની કે તોડવાની વૃતિ તેઓમાં હોતી નથી. કોઇ બાબતમાં વિરૂદ્ધ ઉતરવું પડે તો પણ અત્યંત કોમળ ભાવે, વિનય યુક્ત અને પ્રેમપૂર્ણ રીતે તેમાં પ્રવૃત થાય છે. દ્વેષ, અભિમાન કે અસહિષ્ણુતાની ગંધ તેમાં હોતી નથી. તેઓ પોતાના વિરોધીની સાથે હાથ મીલાવી પ્રેમથી ભેટીને ચાલે છે. માત્ર અભિપ્રાયનું જુદાપણું નમ્રભાવે સ્પષ્ટ કરી બાકીનું કાર્ય વિશ્વના મંગળ નિયમોને સોંપી દે છે. રાજસિક ભાવોના અંગે એક પ્રકારની કૃત્રિમ ઉષ્મા હોય છે, અભિમાનનો તાપ હોય છે. સાત્વિક ભાવના અંગે, વિરોધતામાં પણ એ પ્રકારનો સૌમ્ય, શાંત, શીતળ, સ્નિગ્ધ પ્રકાશ હોય છે. તેનો એવો પ્રભાવ હોય છે કે આપણા મતથી તે વિરૂદ્ધ હોવા છતાં તેને પ્રેમથી ભેટવાનું મન થાય છે. આ પ્રકારના સાત્વિક ભાવથી કાર્ય કરનાર એક વીરનરનું દૃષ્ટાંત, આપણા સદ્‌ભાગ્યે, આ યુગમાં આપણા દૃષ્ટિ પથમાં રહેલું છે. તે મહાત્મા ગાંધી છે. તેમના વિરોધિઓ પણ તેમના પ્રત્યે પ્રેમ રાખ્યા વિના રહી શકતા નથી અને તેમના પ્રત્યે ભક્તિ અને આશ્ચર્યથી નમી પડે છે. તેનું કારણ એજ છે કે કાર્યની પછવાડે સાત્વિક ધર્મ–ભાવના છે. પોતાનું સ્વાભિમાન નથી. તેમની પ્રવૃત્તિનું પરિચાલક બળ તે રાજસિક વૃત્તિ નથી. સાત્વિક ધર્મ–ભાવનું તે જવલંત અને જીવંત ઉદાહરણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજસિક ભાવવાળા મનુષ્યોને પોતાની પવિત્રતા, પોતાનું ચારિત્ર્ય બહુ મોટા રૂપમાં દેખાય છે. પોતાનાથી ચઢીઆતા ગુણવાળાને તેઓ સહી શકતા નથી. તેમાં વળી કોઈ મનુષ્યના ચારિત્ર્યની એકાદ દિશામાં નિર્બળતા અગર હાનિ જોવામાં આવે તો તેના ઉપર તેઓ તુટી પડે છે. સ્હેજ સ્ખલના થતા તેને દેશ દુનિયા પાર મુકી દે છે. તેના માથે મેણા ટોણા અને વાણીના માર્મિક પ્રહાર કરવા લાગી પડે છે. પડેલા ઉપર પાટુઓ મારવા મંડી પડે છે. તેને આશ્વાસન આપી ફરીથી તેને વિશુદ્ધ માર્ગ ઉપર લઈ જવાને બદલે ફરીથી ઉભો થવા ન પામે તેમ ઘેરી વળે છે અને તેના સ્હેજ સરખા દોષને સહસ્રગુણ અધિક રૂપમાં દેખાડી તેને મુંઝવી નાખે છે. આવા પ્રસંગોમાં સાત્વિક ભાવ સંપન્ન પુરૂષોનું આચરણ જુદું જ હોય છે. સ્ખલન પામેલા બંધુને તેઓ અત્યંત પ્રેમપૂર્વક આલિંગન આપી, તેના દોષને માનવ–પ્રકૃતિની ક્ષણિક નિર્બળતા રૂપે ગણે છે, અને ઇશ્વરની અનંત કરૂણાનું તેને સ્મરણ આપી, થયેલા પાપની શુદ્ધ હૃદયથી માફી માગવા અને ફરીથી ઉત્ક્રાન્તિના માર્ગ ઉપર તેને ચડાવવા પ્રયત્ન કરે છે. તે જાણે છે કે મનુષ્યનો વિકાસ–માર્ગ અનંત વિઘ્નો, બાધાઓ, સ્ખલનો, પતનો, અને દોષોની પરંપરાથી ભરેલો છે. માનવ પ્રકૃતિ કયા વિષયમાં, કયે પ્રસંગે, કયા નિમિત્તોના પ્રભાવથી અભિભૂત થઇ પરાભવ પામશે તેનો નિર્ધાર કોઇથી થાય તેમ નથી. અને કોઈ ક્ષણિક આવેગને વશ થઇ માનવ આત્મા પતન પામે તેથી નિરાશ ન થતાં ફરીથી ઉભા થઇ, ઇશ્વર પાસે થયેલ અપરાધની માફી માગી, ફરીથી તેવું સ્ખલન થવા ન પામે તે પ્રકારનો સંકલ્પ કરી તેણે આગળ પ્રયાણ કરવું જોઇએ; અને તેવા મનુષ્યોને ઉત્સાહ આપી થયેલ દોષની ક્ષમા આપવી જોઇએ.

રાજસિક પ્રકૃતિના મનુષ્યો જ્યારે તોડી નાખવાના સ્વભાવવાળા હોય છે ત્યારે સાત્વિક પ્રકૃતિના મનુષ્યોનો સ્વભાવ રચનાશીળ હોય છે. તેઓ કશાની નિંદા કરતા નથી. તેમનામાં વિનય, શ્રદ્ધા, સાધુતા, ભક્તિ અને પ્રેમ હોવાથી જ્યાં જ્યાં કાંઇ ઉચ્ચ તત્વ જોવામાં આવે ત્યાં તેને પોષણ આપવા લાગે છે. ગમે તે ધર્મ સંપ્રદાયના ગ્રંથોમાં સુંદર ભાવનાઓ તેઓ ભાળે તેને પ્રેમપૂર્વક આલિંગન આપે છે, અને તેને પોતાની ગણે છે. તે દરેકમાં ગુણમયતા અને ઉચ્ચતાજ ભાળે છે. કેમકે તેના હૃદયમાં પ્રેમનું સામ્રાજ્ય વર્તતું હોય છે. સાત્વિક ધર્મનો આત્મા પ્રેમ છે. અને પ્રેમનો સ્વભાવ રચના શીલ છે, તે સુંદર ભાવનાઓને જ્યાં હોય ત્યાંથી ઉપજાવી કાઢે છે, અને તેનું ગંઠન કરે છે. આથી સાત્વિક ધર્મ કાદવમાંથી પણ કમળ ઉપજાવે છે. એક મનુષ્ય સેંકડો દુર્બળતાઓથી ઘેરાએલો હોય, અને દુરાચારોથી જકડાએલો હોય છતાં તેનામાં એકાદ ઉચ્ચ લક્ષણ હોય તો તેને પકડીને તે લક્ષણને સબળ બનાવે છે, અને એક ઉચ્ચ ગુણ સબળ ભાવને પામતા તેના જીવનમાંથી અનેક દુરાચારો આપોઆપ નાશ પામવા લાગે છે. આ પ્રકારે સાત્વિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ–ભાવવાળો મનુષ્ય અનેક મનુષ્યોનો ઉદ્ધાર કરી શકે છે. કેમકે તે કોઈના ઉપર પ્રહાર કરી તેને અધિક નિર્બળ બનાવતો નથી, પણ પ્રેમ અને ઉત્સાહ આપી તેના દોષને દબાવીને તેના સારા તત્વોને પોષણ આપે છે. તેનામાં જે કાંઈ ઉચ્ચ છે તેનું સંવર્ધન કરી તેને જીવન–વિકાસના રાજમાર્ગ ઉપર લઇ આવે છે. રાજસિક સ્વભાવવાળા મનુષ્યો મરતાને અધિક મૃત પ્રાય કરે છે, ત્યારે સાત્વિક પ્રકૃતિના મનુષ્યો મૃતપ્રાયને સંજીવન–શક્તિ આપી તેને પુનઃ જીવન–માર્ગમાં સ્થાપે છે. એક મારે છે. બીજો બચાવી લે છે. એક તોડે છે. બીજો રચે છે. એકના પ્રભાવથી સામાની સાધુતા મંદ પડી જાય છે, બીજાની દૃષ્ટિ પડતા આ સાધુતામાંથી સાધુતા સ્વયં ઉપજી આવે છે. એકની દૃષ્ટિથી લીલો બગીચો કરમાઈ જાય છે, બીજાની અમૃત–સ્રાવિની દૃષ્ટિથી મરૂભૂમિમાં નંદનવન પ્રગટી નીકળે છે. એક સળગતી જ્વાળા છે, બીજો વસંતનો મલય–મારૂત છે.

રાજસિક અને સાત્વિક ધર્મ–ભાવનાવાળા મનુષ્યોમાં બીજો ભેદ અંહી જોવામાં આવે છે. રાજસિક ધર્મ–સ્વભાવવાળા સામા મનુષ્યના ગુણ કરતાં દોષનું નિરીક્ષણ કરવામાં અધિક પ્રેમવાળા હોય છે, ત્યારે સાત્વિક સ્વભાવના મનુષ્યો દોષ કરતાં ગુણની સમાલોચના કરવામાં અધિક પ્રીતિવાળા હોય છે. એમ હોવાનું કારણ એ છે કે રાજસ ધર્મ–ભાવની પછવાડે અહંકાર હોય છે અને સાત્વિક ગુણની પછવાડે વિનય હોય છે. આથી અહંકાર–પ્રેરિત રાજસ ગુણ બીજાના કરતાં પોતે ઉચ્ચતર છે અને બીજા હીન છે એમ સાબીત કરવા હંમેશા ઇન્તેજાર રહે છે. આ પ્રમાણે પારકાના દોષ જોવાનો તેમનો સ્વભાવજ બંધાઈ જાય છે. તેમને એકે વાતમાં ઠીકજ જણાતું નથી. તેઓ દરેક મનુષ્યોની, બનાવોની, અને સંસ્થાઓની વચ્ચે આવી વિરૂદ્ધભાવયુક્ત સમાલોચના કરે છે. આવી સમાલોચનાપ્રિયતા એ માનવ–જીવનનો એક બહુ બુરો વિકાર છે. પારકાના દોષ જોવાની જેની ટેવ પડી જાય છે તેના અંતરમાંથી ધીરે ધીરે વિનય, શ્રદ્ધા, નમ્રતા આદિ સાત્વિક ભાવો નાશ પામવા માંડે છે. ધર્મ–જીવનના આધારભૂત ગુણો સુકાવા લાગે છે, અને તેમના અંતરમાં એક પ્રકારનો વિદ્વેશ, અવજ્ઞા, ઉપેક્ષા, અને ક્લેશ ઉત્પન્ન થવા લાગે છે. આમ થવા લાગે છે ત્યારે માનવ–જીવનમાંથી પ્રેમની રસમયતાને સ્થાને તિરસ્કારની તીખાશ અને રૂક્ષતા આવવા લાગે છે. પ્રેમ એ માનવ માનવને સાંધનારૂ તત્વ છે, અને તેનો વિનાશ થવા લાગતા તે માનવ–સંબંધથી દૂર પડવા લાગે છે. અને ક્રમેક્રમે તે મનુષ્ય અને ઇશ્વર બન્નેથી વેગળો પડી જાય છે. આવા વિષમ પરિણામનો તેને શરૂઆતમાં ખ્યાલ પણ હોતો નથી. પરંતુ શનૈઃ શનૈઃ આ ક્રમ અવશ્ય ઉપજ્યા વિના રહેતો નથી. આપણે સર્વેએ આપણા જીવનને તપાસતાં રહેવું ઘટે અને જો તેનો માર્ગ આ ચીલા ઉપર હોય તો ત્યાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને વાળી લઇ વાસ્તવિક માર્ગ ઉપર મુકવું ઘટે. કેમકે રાજસિક ભાવ આપણા ધર્મ-જીવનનો નાશ કરે છે.

સાત્વિક ધર્મ ભાવની પ્રકૃતિ ઉપરના પ્રકારથી જુદીજ હોય છે. તેઓ ગુણનેજ શોધે છે. તેઓ દરેક મનુષ્ય ઘટના અગર સંસ્થામાં કાંઇપણ ઠીક જણાય તો અત્યંત હર્ષ પામે છે, અને તેટલા અંશે તેમાં ઇશ્વરત્વનો નિવાસ ગણી પોતાનાં હૃદયને ત્યાં ભક્તિ અને વિનયથી નમાવે છે. પારકાના ગુણોનું દર્શન કરવાના સ્વભાવવડે તેમનું મન કોમળ હોય છે, અંતર વિનમ્ર હોય છે. અને આત્મામાં પ્રેમનો ઉદય હોય છે. આ પ્રકારની પરિસ્થિતિ માનવ-જીવનને ઉન્નત બનાવે છે, અને તેનાં હૃદયમાં ઇશ્વર પ્રીતિનું પોષણ કરે છે.

રાજસિક અને સાત્વિક ધર્મ-ભાવવાળા મનુષ્યો વચ્ચે બીજો મહત્વનો ભાવ આ છે. રાજસિક સ્વભાવવાળા મનુષ્યો બીજાઓના કર્તવ્ય માટે ચિંતા રાખે છે. તેઓ એમ માનતા હોય છે કે હું મારૂં કર્તવ્ય બરોબર બજાવું છું. પણ બીજા લોકો પોતાને કરવા યોગ્ય કશું કરતા નથી. તેમને એમ લાગ્યાજ કરે છે કે મેં મારાથી બનતું તમામ કર્યું છે, પણ બીજા લોકો કાંઇજ કરતા નથી, અને મારા કાર્યમાં કશી મદદ આપતા નથી, અગર મારી સૂચના પ્રમાણે વર્તતા નથી. તેઓ બીજા પાસેથી મોટી આશાઓ રાખે છે, અને પોતાને કરવા યોગ્ય કરી લીધાનું શરૂઆતથીજ માની લે છે. પોતે પરમાર્થનાં કાર્યમાં મહેનત કરી તુટી મરે છે, તેમ છતાં તેની કોઇ ખબર લેતું નથી, અને તેને મદદ કરવા કોઇ બહાર પડતું નથી એ વિચારથી તે વારંવાર ગ્લાનિ અનુભવતો હોય છે. સાત્વિક પ્રકૃતિસંપન્ન મનુષ્યો કોઇ કાળે આવી ફરીયાદ કરતા નથી. આવી બાબતમાં વિચાર કરવાની પણ તેમને ફુરસદ મળતી નથી. મારૂં કામ કોઇ જુએ છે કે કેમ, મને કોઇ સહાય કરવા તત્પર છે કે કેમ તે વિષયમાં તેને કદી શંકા થતી નથી, કેમકે તે જાણતો હોય છે કે દરેક ઉચ્ચ કાર્યમાં ક્ષુદ્ર માનુષી સત્તા કરતાં અનંતગુણ ચઢીઆતી એક મહાન સત્તા તેને મદદ કરી રહેલી છે, અને તે તે કાર્યને સફળતાએ પહોંચાડવાની સંભાળ તે રાખ્યાજ કરે છે. સાત્વિક ધર્મ-ભાવથી પ્રેરાઇને કાર્ય કરનાર મનુષ્યોને લોકો વગર માગ્યે સહાય કરવા મંડી પડે છે. સહાયની પ્રેરણા કરનાર સત્તા આપણે નથી, પણ કોઇ જુદીજ અદૃશ્ય અનંત શક્તિમાન સત્તા છે, અને તે પોતાની ફરજ બરોબર સમજીને જ્યાં જેવી સહાય કરવી જરૂરની છે તે કર્યેજ જાય છે એમ સત્વગુણ પ્રધાન મનુષ્યનો વિશ્વાસ હોય છે, અને તે વિશ્વાસને અનુરૂપ સહુ કાંઇ સ્વયં ઉપજી આવે છે. બીજાઓએ પોતાનું કર્તવ્ય બજાવ્યું છે કે નહી તે વિચારવાને બદલે તે પોતાના કર્તવ્યની ખામીઓ માટે અધિક ચિંતાવાન રહે છે. અને દરેક પ્રકારની ખામીનું મૂળ પોતામાં શોધી તેને સુધારવા પ્રયત્ન કરે છે. તે દરેક અપુર્ણતા, ખામી કે વિષમતામાં પોતાનો અપરાધ શોધે છે, અને પાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાના દોષોને પણ પોતાના ચારિત્ર્યની આંતરિક મહત્તાથી સુધારવાનો ઉદ્યોગ કરે છે. સહાયને તે યાચતો નથી, પણ પોતાના ગુણના પ્રભાવથી સહાયને તે આપોઆપ ખેંચી લે છે. લોકો તેને મદદ કરવા વગર યાચ્યે તુટી પડે છે. કેમકે તેના આંતરિક પ્રભાવનું આકર્ષણ અમોઘ હોય છે.

આટલું વિવેચન કર્યા પછી વાચકને સહજ પ્રશ્ન થશે કે આ પ્રકારની સાત્વિક ધર્મ–ભાવનાની પ્રાપ્તિ કેવા પ્રકારે કયાંથી થાય ? ઉત્તર એજ કે એ સત્વની પ્રવર્તક સત્તા વિશ્વમાં અને આપણા અંતરમાં વ્યાપેલી છે તેનો આશ્રય લેવો; તેનું શરણ લેવું. જે જે આકારમાં જ્યાં જ્યાં તાપ માલુમ પડે તેનું આદિસ્થાન જેમ સૂર્ય છે તેમ જ્યાં જ્યાં સત્વનો પ્રકાશ દશ્યમાન થાય ત્યાં ત્યાં તેનું મૂળ તે પરમાત્મ સત્તાજ છે. તે આપણા અંતરમાં અને બહાર, સર્વ કાળમાં, સર્વ સ્થાનમાં, અનંત રૂપે કાર્ય કરી રહી છે. સર્વ પ્રકારના ધર્મ–જીવન, ધર્મ સમાજનું મંડાણ તે આદિ પરમ તત્વ ઉપર રહેલું છે. આપણો આત્મા, તે પરમાત્મ–સત્તાના મંગળ હસ્તમાં અત્યારે ધારણ કરાએલો છે, અને તેનો વિકાસ એ સત્તાના આધારેજ પ્રતિક્ષણે ચાલ્યા કરે છે, તે પરમતત્વનો આશ્રય લેવો, તેમાં હૃદયની અકપટ પ્રીતિ સ્થાપવી, તેની સાથે સંબંધ–સૂત્રથી સંકળાવું, તેની સાથે યોગ સ્થાપવો, તેને ભેટવું, તેમાં રમણ કરવું, તેમાં આપણી અહંતાને વિસર્જન કરવી, એ સત્વ ગુણની વૃદ્ધિ કરવાનો માર્ગ છે. આ માર્ગને શાસ્ત્રકારોએ અનેક રૂપે વર્ણવ્યો છે, હજારો ગ્રંથો દ્વારા તે સંબંધ–સ્થાપનનો માર્ગ દર્શાવ્યો છે. તેમાંથી આપણા અધિકારને અનુકૂળ એકાદ સાધનને હસ્તગત કરી ઈશ્વર ભણી આપણે વળવું જોઇએ, ઈશ્વર–પ્રીતિ એ વીજળીથી ભરેલા તારના દોરડા જેવી છે. તે પ્રીતિરૂપ તારના દોરડા દ્વારા આપણે ઈશ્વર–તત્વમાંથી ઇશ્વરી ગુણો મેળવી શકીએ છીએ. પરમાત્મ સ્વરૂપમાં પ્રેમ અને શ્રદ્ધા એ મૂળ વાત છે. બીજુ સર્વ તે પછી છે. એ બે વાત હોય તો બાકીનું સર્વ એની મેળે આવી મળે છે. આપણું કર્તવ્ય આથી સ્પષ્ટ છે. આપણે આપણાં હૃદયનાં સર્વ બળ પૂર્વક તે તત્વ પ્રત્યે પ્રેમ સ્થાપવો જોઇએ, અને તે દ્વારા સત્વની વૃદ્ધિ સાધવી જોઇએ. ( અધ્યાચી )

# ન્હાની ન્હાની વાતો ઉપર ધ્યાન આપવાની જરૂર.

( ૧૮ )

વિઠ્ઠલદાસ–મૂ–શાહ.

ન્હાની ન્હાની વાતો ઉપર ધ્યાન આપવું એ પણ સફલતાને અર્થે એક આવશ્યક ગુણ મનાય છે. કેટલાક સમય પહેલાં એક અતુલ સંપત્તિવાન વ્યાપારીને પૂછ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વામાં આવ્યું હતું કે તેણે તેની સઘળી સંપત્તિ કેવીરીતે મેળવી ? શું તેને કેવળ અનુકૂળ સંયોગો મળ્યા કરતા હતા ? નહિ, કેમકે તેના અન્ય સાથીયોને પણ ઉત્તમમાં ઉત્તમ પ્રસંગો મળ્યા કરતા હતા. તો શું તેણે કેવળ પોતાના પરિશ્રમ વડેજ સફળતા મેળવી હતી ? હા, તેનો પરિશ્રમ કેટલેક અંશે સફલતા પ્રાપ્ત કરવામાં સહાયક અવશ્ય થયો હતો, પરંતુ સંપૂર્ણ અંશે નહિ; કેમકે એવા અનેક વ્યાપારીયો હતા જેઓ તેના કરતાં પણ અધિક પરિશ્રમ કર્યા કરતા હતા. તેની સફલતાનું સૌથી મહત્વનું કારણું એ હતું કે પોતાના વ્યાપાર સંબંધી ન્હાની ન્હાની વાતો તરફ કદિપણ બે પરવાઇ નહોતો કરતો. તે કહેતો કે ઘણા વ્યાપારીઓ હમેશાં થોડો ઘણો વિચાર કરીને યોજનાઓ ઘડવામાંજ સંતોષ માને છે અને ન્હાનાં ન્હાનાં આવશ્યક કાર્યોની પૂર્તિનો ભાર પોતાના અસાવધાન નોકરો ઉપર મૂકી દે છે, એથી કરીને અકૃતકાર્ય બને છે.

ઉપર્યુક્ત વાતોનો અનુભવ આપણને આપણાં દૈનિક જીવનનાં ઘણાએક કાર્યોમાં થાય છે. કોઇ વિશેષ યોગ્યતાવાળા મનુષ્યની અસફલતાનું કારણ તો કેવળ એટલુંજ હોય છે કે તે ન્હાની ન્હાની વાતો ઉપર ઘણે ભાગે ઘૃણા કરતો હોય છે. તેનો આત્મા તેને મહાન કાર્યો કરવા પ્રેરિત કરે છે. કરેલાં કાર્યનું સ્મરણ કરીને તેનું યોગ્ય હૃદય ઉત્સાહથી ઉભરાઇ જાય છે, પરંતુ તે મનુષ્ય પોતાના વિચારોને કાર્યરૂપમાં પરિણુત કરતી વેળાએ તે કાર્યનાં ન્હાના ન્હાના, તુચ્છ અને શુષ્ક, કિન્તુ અત્યંત આવશ્યક અંગો પૂરા કરવામાં બેદરકાર રહે છે અને કદાચ માન–હાનિ સમજી તેને તજી દેછે. આ પ્રકારની સ્થિતિ જોઇને આપણે એટલું કહી શકીએ કે આ સંસાર એવા અનેક વિદ્વાન તથા લાયક મનુષ્યોથી ભરેલો છે, જેઓમાં કેવળ એ ગુણ જ નથી હોતો કે જે ગુણ સંસારમાં ખ્યાતિ મેળવવા ઇચ્છનાર વ્યક્તિઓમાં અવશ્ય હોવો જોઇએ. કોઇ ન્હાના અવગુણ અથવા દોષને લઇને તેની સમસ્ત યોગ્યતાઓ તેમજ વિશેષતાઓનો સમૂહ નકામો બની જાય છે. તેઓની સ્થિતિ એ નાચનારના જેવી થઇ જાય છે કે જે પોતાની નૃત્યકળામાં પૂરેપૂરો નિપુણ હોવા છતાં પણ સ્હેજ લંગડો હતો.

આવા મનુષ્યોજ હમેશાં પોતાના ભાગ્યની ફરિયાદ કર્યા કરે છે, પરંતુ વસ્તુ સ્થિતિ જોવાથી માલૂમ પડે છે કે તેઓ પોતાનાં જીવનના ન્હાનાં ન્હાનાં કાર્યો પૂરાં કરવામાં અસાવધાન બનવાથી અસફલ થઇ જાય છે, એટલા માટે સંસારમાં તેઓને પુનઃ કદિપણ કોઇ મહત્વનું કાર્ય સોંપવામાં આવતું નથી. સફલતાની પ્રાપ્તિ અર્થે એટલું તો નિતાન્ત આવશ્યક છે કે પહેલવહેલાં ન્હાની વાતો પર ધ્યાન આપવું. એટલુંજ નહિ પણ પ્રેમ પણ ઉત્પન્ન કરવો જોઇએ. આ નિયમનો તિરસ્કાર કરવામાં આવે તો પછી વિશેષ યોગ્યતા, ઉચ્ચ વિચાર અને ઉચિત ઉત્સાહથી પણ કાર્ય પૂરૂં થઇ શકતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બસ, અહિં આજ કાર્ય કર્તા મનુષ્ય અને ઉંઘતા ઉંઘતા વિચાર કરનાર મનુષ્યની વચ્ચેનો ભેદ જોવામાં આવે છે. સાહિત્ય ક્ષેત્ર તેમજ અનેક લલિત કળાઓમાં પણ સફલતા ત્યાં સુધી નથી મળી શકતી કે જ્યાં સુધી ન્હાની વાતો અને વિભાગો ઉપર વર્ષોસુધી સતત્ પરિશ્રમ પૂર્વક ધ્યાન આપવામાં નહિ આવે. જો કોઈ વકીલ પોતાના મુકદ્દમાની કોઇ ન્હાની વાત અનુપયોગી સમજીને યોગ્ય તપાસ ન કરે, જો કોઈ દસ્તાવેજ લખનાર એક ઉપયોગી સરતને તુચ્છ સમજીને ન લખે, જો કોઇ મકાન બાંધનાર દીવાલની જરાપણ નબળાઇની પરવા ન કરે, જો કોઇ લેખક પોતાનો લેખ એક બેવાર ન વાંચી જાય અને તેમાં વ્યાકરણ સંબંધી કોઇ ભૂલ રહેવા દે, અથવા કોઈ સેનાપતિ પોતાના સિપાઇયોમાંથી દશપચાસના શસ્ત્રો ભાંગ્યા તૂટયા રહેવા દે તો કેટલી અધિક અને નાશકારક હાનિ થવાનો સંભવ છે એનું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા નથી.

દુનિયામાં પ્રસિદ્ધ–પ્રાપ્ત પુરૂષોનાં નામ કેવળ તેઓની સાર્વત્રિક યોગ્યતા અને પરિશ્રમ–શક્તિને લઇનેજ નહિ, પરંતુ ન્હાની વાતો ઉપર ધ્યાન આપવાથીજ અમર થયાં છે. તેઓને પોતાનાં કાર્યના બારીક અંગોનું ધ્યાન ખાતાંપીતાં, ઉઠતાં બેસતાં, હાલતાં ચાલતાં સર્વ વખતે રહ્યા કરતું હતું. તે એટલે સુધી કે તેઓને સ્વપ્ન પણ તેનાંજ આવતા હતા. વોરન હેસ્ટીંગ્સના ભાઇ ડયુક ઓફ વેલિંગ્ટનનો હિંદુસ્થાનમાં તેના નિવાસ દરમ્યાનનો ખરીતો જ્યારે પહેલ વહેલો પ્રકાશિત થયો ત્યારે તેની ભારત–સંબંધી લડાઇઓનું વર્ણન વાંચીને તેના એક મિત્રે કહ્યું કે "કેમ ભાઇ વેલિંગ્ટન, હું સમજું છું કે ભારતવર્ષમાં તમારૂં મુખ્ય કાર્ય માત્ર ચોખા અને બળદ એકઠા કરવાનુંજ હતું." વેલિંગ્ટને જવાબમાં જણાવ્યું કે "જરૂર, મારૂં કાર્ય એજ હતું, કેમકે જ્યારે મારી પાસે ચોખા અને બળદ મોજુદ રહેતા હતા ત્યારે સિપાઇઓ પણ રહેતા હતા, અને જ્યારે મારી સાથે માણસો રહેતા ત્યારે મને સારી રીતે માલૂમ પડયું કે દુશ્મનો કેવીરીતે જીતીને જઈ શકે છે."

આપણા લોકોનું દષ્ટિ–કોણ કંઇક વિચિત્ર છે. જ્યાંસુધી શ્રી રવીન્દ્રનાથ ટાગોરને વિલાયતમાં નોબલ પ્રાઇઝ નહોતું મળ્યું ત્યાંસુધી આપણે તેમને મહાકવિ તરીકે સ્વીકાર્યા નહોતા. જ્યાંસુધી સ્વ. દાદાભાઈ નવરોજજીનું પ્રશંસાપૂર્ણ ચરિત્ર વિલાયતના સમાચાર પત્રોમાં પ્રકાશિત નહોતું થયું ત્યાંસુધી આપણે તેમની યોગ્યતા નહોતી સ્વીકારી. જ્યાં સુધી કોઈ વિદેશી અમલદારે સ્વ૦ ગોખલેજીની બાહોશ રાજનીતિજ્ઞ તરીકે પ્રશંસા નહોતી કરી ત્યાંસુધી આપણે તેમને અર્થશાસ્ત્રનિપુણ તથા ધુરંધર રાજનીતિ કુશળ પુરૂષ તરીકે માનતા નહોતા. એ રીતે જ્યાં સુધી આપણા દેશનો કોઈ વેપારી આપણને તેના ખજાનામાં અતુલ સંપત્તિ બતાવે નહિ ત્યાં સુધી આપણે તેને બુદ્ધિમાન, કાર્યકુશળ, અને લાયક નથી માની શકતા. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું લક્ષ્ય-સિદ્ધિજ સફલતાપ્રાપ્તિની એક માત્ર કસોટી છે ? શું આપણે કાર્ય-સાધન-પ્રણાલીમાં તથા તેના અંતરંગ અંગ-પ્રત્યંગોમાં સફલતાનું બીજ નથી જોઇ શકતા ? જો જોઇ શકતા હોઇએ તો આપણને ઘટે છે કે આપણે લક્ષ્યનાં નામનીજ માળા જપવા કરતાં તેનાં સાધનના ન્હાનામાં ન્હાના વિભાગો ઉપર આવશ્યક ધ્યાન આપવું જોઈએ અને પ્રત્યેક પ્રસંગનો લાભ લેવો જોઇએ.

શાંતિપૂર્ણ કાર્યો અને વ્યવસાયોમાં જેવી રીતે ન્હાની ન્હાની વાતો ઉપર ધ્યાન આપવાની આવશ્યકતા છે તેવીજ રીતે યુદ્ધ સંબંધી કાર્યોમાં પણ છે. જે મહાન વિજયવંત સેનાપતિનું નામ કોઈ દેશમાં અત્યંત ગૌરવ તથા અભિમાન સહિત લેવાય છે તે એક કૂદકો મારીને સેનાપતિ નથી બનતો, કેવળ તેના સારા સારા, મીઠા અને ઉદાત્ત વિચારો વડેજ તેને યશપ્રાપ્તિ નથી થતી. તેને સેના સંચાલનના-ભોજન, વસ્ત્ર, જોડાં, શસ્ત્ર, સિપાઇઓની આરોગ્યતા વિગેરેના-સંબંધની ન્હાની ન્હાની અનેક વાતો ઉપર રાતદિવસ ધ્યાન આપવું પડે છે. એક લાખ તુચ્છ વાતો ઉપર ધ્યાન આપવાથી અને એક લાખ હુકમો કરવાથી અનેક વાર ભયંકર નિરાશાઓની સામે થઇને તેને એકાદ વખત વિજય મળે છે. તેને પોતાના દેશબંધુઓના એ વચનો સાંભળીને કેવો સ્વર્ગીય આનંદ થતો હશે કે " જુઓ, અમારા વીર અને વિજયી સેનાપતિ આવી પહોંચ્યા છે. " પરંતુ એ મોહક વાકય સાંભળ્યા પહેલાં તેને અનેકવાર કાંટા અને કીચડમાં ચાલવું પડયું હોય છે, જુના ફાટી ગયેલા નકશાની સાથે મધ્યરાત્રિ સુધી ઝાંખી બત્તીના પ્રકાશમાં બેસીને બેહદ માથાકૂટ કરવી પડી હોય છે. તેને જેવા તેવા કપડાં પહેરીને પુષ્કળ મચ્છરોમાં જેવી તેવી જમીન ઉપર ભૂખ તરસની પરવા કર્યા વગર રાત્રિઓ ગાળવી પડી હોય છે.

ઉપર જે કાંઇ કહેવામાં આવ્યું છે તેનું એક સારૂં ઉદાહરણ નેપોલીયન છે. તેની મહાન આશ્ચર્યકારક સફલતાનું શું રહસ્ય છે ? એ નહિ કે, તે પોતાનાં સર્વ કાર્યોની તુચ્છમાં તુચ્છ તપસીલો પોતેજ કરતો હતો. તે પોતાની નીચેના માણસોને કામ સોંપીને કદી પણ નિશ્ચિંત બેસતો ન હતો. એના સંબંધમાં એટલે સુધી કહેવામાં આવે છે કે તે વિશ્વવિજયી વીરશિરોમણીએ મજુરીનું કાર્ય પણ, જરૂર પડતાં, પોતે કર્યું હતું. તે પોતે એક સ્થળે લખે છે કે ન્હાનાં મોટાં સઘળાં કાર્યો સ્વયં કરવાથી અપૂર્વ આનંદનો અનુભવ થાય છે.

ન્હાનાં ન્હાનાં કાર્યોના સંયોગથીજ મોટું કાર્ય બને છે. મનુષ્ય પણ ન્હાનેથીજ મોટો થાય છે. રેતીના ન્હાનાં ન્હાનાં કણોથીજ અનંત સમુદ્રનો કિનારો બને છે. ન્હાના ન્હાના પાષાણ ખંડો અને વૃક્ષો વડેજ હિમાલય પર્વત બનેલો છે. અને મનુષ્યના સમસ્ત જીવનનું સુખ પણ, ન્હાની ન્હાની વાતો વગર શાથી બને છે ? ન્હાનાના આધાર વડે જ મોટાનું મોટપણ ટકે છે. પોત-પોતાનાં ઉચિત સ્થાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટાનું મોટપણું ટકે છે. પોત–પોતાનાં ઉચિત સ્થાન તથા સમયમાં ન્હાની ચીજ પણ મોટી અને મહત્વપૂર્ણ હોય છે. એટલા માટે તેની અવહેલના અથવા તિરસ્કાર ન કરતાં તેના ઉપર ઉચિત ધ્યાન આપવાની જરૂર છે. તે વગર સફલતાની આશા કરવી તે માત્ર દુરાશાજ છે. છેવટે અહિં આગળ વિર્મો બેન્થમ નામના એક લેખકના ઉપદેશપૂર્ણ શબ્દો ઉદ્ધૃત કરીને આ લેખ સમાપ્ત કરીએ છીએ. દૃઢ આશા અને વિશ્વાસ છે કે વાંચક બંધુઓ પોતાના જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે એ ઉપદેશ ઉપર અવશ્ય ધ્યાન આપશે.

"Stretching out his hands to catch the stars, man forgets the flowers at his feet, so beautiful, so fragrant, so multitudinous and so various."

અર્થાત્ "તારાગણ હસ્તગત કરવાની ઇચ્છા થતાં મનુષ્ય પોતાના હાથ ઉંચે આકાશ તરફ લંબાવે છે, પરંતુ તે પોતાના પગમાંજ નીચે પડેલાં સુંદર, સુગંધિત, અનન્ત, અને વિવિધ રૂપ ગુણયુક્ત મનોહર પુષ્પો ભૂલી જાય છે." ચાલુ—

ૐ

## ॥ श्री जैन आत्मानंद सभा—जन्म महोत्सव. ॥

હરિગીત.

મૂદ્રિત અમારી આ સભા ગુરૂરાયના શુભ નામથી,
નિજ જન્મ મહોત્સવ કાજ મળશે આજ અતિ આનંદથી;
કરવા ગુરૂ ગુણ ગાન અતિ આરામ આતમ દર્શથી,
આનંદ વિજય સૂરિશને વંદન કરો ભવિ હર્ષથી.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીરના પુત્રોને વીરહાક.

ત્રણ જગત્‌ના સમગ્ર પ્રાણીઓને પરમ શાન્તિ પમાડનાર ભગવાન્ મહાવીરના ઓ વીર પુત્રો ! તમારી પૂર્વની જાહોજલાલીને યાદ તો કરો ! જે વખત ભગવાન્ મહાવીર પિતા વિદ્યમાન હતા ત્યારે આ ભારતભૂમિમાં વીરના અનેક વીરપુત્રોએ ભગવાન્ વીરની વીરહાક વગાડી હતી. તે વખતે આ સમગ્ર ભારત ભૂમિમાં તેમજ અફગાનીસ્તાન, ઇરાન, અરબસ્તાન, તુર્કસ્તાન, નેપાલ અને ભૂતાન આદિ દેશોમાં ચાલીશ કરોડ જૈનો ભગવાન મહાવીરના નામનું સ્મરણ કરતા હતા, પણ અત્યારે તો ફક્ત નામનાજ કહેવાતા ત્રણે ફીરકાના બાર લાખ જૈનો વીરનું નામ લઇ, તેનાજ સંતાનો આપસ આપસમાં લઢી સ્વાત્મશક્તિનો વિનાશ કરી રહેલા છે આમ જોઇ કયા વિચારશીલનું હૃદય દુઃખી થતું નહિ હોય ? અર્થાત્ દરેક વિચારશીલ સુજ્ઞ પુરૂષનું હૃદય દુઃખી થતું હશે. જેમ નિર્નાયક ટોળાની સ્થિતી થાય તેવી અત્યારે જૈન શાસનની સ્થિતિ થઇ રહેલી છે. માટે ઓ વીરના વીર પુત્રો ! ભેદભાવે વિભિન્ન થયેલી સ્વાત્મ શક્તિને એકત્ર કરી વીરહાક વગાડો કે જેથી ફરી દરેક વીરનો વીરપુત્ર જૈન નિર્ભયપણે રહી નીડર રીતે સત્યના માર્ગે ચાલી પોતે જૈન શાસનની ઉન્નતિ કરી શકે; પણ તેમ નહિ કરતાં અભિમાનના તોરથી પોતાનો કક્કો સાચો કરવાની ખાતર સત્યમાર્ગનું ખુન કરી બીજા પવિત્ર આત્માઓને હલકા પાડી ખોટી રીતે સમાજને ખળભળાવી મુકીએ છીએ ને એક બીજાની અસત્ નિંદા કરી જગત્‌ની દૃષ્ટિએ જૈન સમાજને હલકો પાડી રહેલા છીએ. મુનિના પવિત્ર આચારને યાદ તો કરો ! એક અહોરાત્રિમાં નવ વખત " કરેમિભંતે સામાઇયં સવ્વં० " ના પવિત્ર પાઠને ઉચ્ચાર કરવાવાળા ઓ વીરના વીરપુત્રો ! વીર મુનિઓ ક્યાં ગયા આપણા " કરેમિભંતે સામાઇયં સવ્વં " ના પવિત્ર પાઠો ? તેના તરફ જરા લક્ષ તો દ્યો ! ને આપસ આપસમાં આ શાની લઢાઇ લઇ બેઠા છો ? તેનો વિચાર તો કરો ! ભગવાન્ મહાવીર આપણને વારંવાર સૂચના કરે છે ને કહે છે કે ચેતતા રહે જો. ક્રોધાદિ વિકાલ શત્રુઓ તમારો પરાભવ કરવાને માટે તમારી પાછળ ચારે બાજુએ ઘુમી રહેલા છે. માટે સાવધાન રહેશો. ફસાસો નહિ. તેમજ વળી બંને ટંક ( સાંજ સવાર ) ના પ્રતિક્રમણમાં ચોથા આવશ્યકની અંદર " खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे,। मित्तिमे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ॥१॥" શું આ પરમ પવિત્ર અને વિશ્વબન્ધુને સૂચવનારા તેમજ વૈરાદિકના અભાવને દેખાડનાર પવિત્ર આશયને કોરે મુકી એકજ ભગવાન મહાવીરના નામનું સ્મરણ કરવાવાળા જૈનો ત્રણે ફીરકામાં વિભિન્ન થઇ એક બીજાને નિંદવા તૈયાર થયા છીએ અને પૂર્વે જે અજબ આત્મશક્તિ હતી તેને પણ ગુમાવી બેઠા છીએ. માટે ઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો ! ઉઠો ! જાગૃત થાઓ ! ને કટિબદ્ધ થઇ હાથોહાથ મીલાવી વીરપુત્રો તમો એકત્ર થાઓ ! જરા જગત્ તરફ દૃષ્ટિ તો કરો ! મીઆં અને મહાદેવ કોઇ કાળે એક થાય નહિ, છતાં એકજ ગાંધીજીના આત્માએ પોતાની કેળવેલ શક્તિદ્વારા હિંદુ અને મુસલમાન બન્ધુઓને એકત્ર કરવાને પ્રયાસ કર્યો તો તે અમુક અંશમાં ફળીભૂત થયો છે, તો શું મહાવીરના નામનું સ્મરણ કરવાવાળા જૈનોને એકત્ર કરવાને માટે કોઈ મહાવીર પુત્ર કટિબદ્ધ નહિ થાય ? અત્યારે જૈન સમાજમાં ગચ્છાદિક ગ્રહોએ અનેક પ્રકારે જૈન સમાજનું નુકસાન કરેલ છે, તેનો ઈતિહાસ તપાસીએ તો ખરી માહીતિ ( ખબર ) આપણને મળી આવશે, ગચ્છાદિક ગ્રહોને માટે આનંદઘનજી મહારાજજીએ ચૌદમા અનંતનાથજી ભગવાનના સ્તવનમાં કહેલ છે કે "ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં તત્ત્વની વાત કરતાં ન લાજે, ઉદરભરણાદિક નિજ કાજ કરતાં થકાં, મોહ નડીઆ કળિકાળ રાજે ॥ ધાર૦ ॥ ૩ ॥ આ ગાથાનો વિચાર કરવાવાળા ભવ્ય જીવાત્માઓને ગચ્છાદિકદાગ્રહો હોવા ન જોઇએ. છતાં દેખાય છે, તો કાળનીજ બલીહારી છે. ઓ પંચમ કળિકાળ ! હવે તો જૈન સમાજને રાગદ્વેષાદિની પ્રકૃતિઓથી છોડ ! તેં ઘણી કરી. કરવામાં બાકી રાખી નથી. એક સમય એવો હતો કે આ સમગ્ર ભારત ભૂમિમાં જૈનધર્મ એક રાષ્ટ્ર ધર્મ તરીકે પ્રવર્તતો હતો, પણ ચાલુ જમાનામાં અંદર અંદરના કલેશોને લઈને તેમજ સંકોચ ભાવનાને લઇને જૈનો જૈનેતર ધર્મમાં ચાલ્યા ગયા ને અત્યારે પણ જૈનો, જૈનેતર અને વૈષ્ણવ ધર્મમાં જાય છે તેનો ઓ વીરપુત્રો, વીરમુનિઓ ! કાંઇ ખ્યાલ આપો. ભગવાન્ મહાવીરે તો શાસનની તમામ સત્તા આચાર્ય, ઉપાધ્યાય અને મુનિઓને આપેલી છે ને ફરમાન પણ કરેલ છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ દેખી જૈન મુનિ ( સાધુ ) ઓ જૈન શાસનની ઉન્નતિ ( વધારો ) થાય તેમ સત્યમાર્ગે પ્રવૃત્તિ કરે. માટે ઓ વીર યોદ્ધાઓ ! વીર મુનિ ( સાધુ ) ઓ જગત્ પોતાની ઉન્નતિ કરવા વીજળીના વેગે આગળ ધસી ગમન કરી રહેલું છે તે તરફ દૃષ્ટિ આપશો ! અત્યારે તો પ્રથમ દૃષ્ટિએ જૈનોની અંદર રહેલા પેટા ભેદોને દૂર કરી પ્રેમથી એકત્ર થઈ પછી એવી વીરહાક ગજાવો કે તમામ ભૂમિની અંદર ( ભારત ભૂમિમાં ) વીરના ખરા તત્ત્વોનો પ્રચાર થાય ને જગત્‌ના જીવો પણ અપક્ષપાતપણે ગ્રહણ કરે તેમજ જૈન મુનિ (સાધુ) ઓની અંદર આત્મ શક્તિ કેવી છે તેને જોઇ જૈનેતર અને જગતના લોકો જૈન તત્ત્વો ગ્રહણ કરી યથાર્થ જૈન બને. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ સુજ્ઞેષુ કિં બહુના.

લી. સ્વદેશ ( આર્ય ) વ્રતધારી વીરપુત્ર ન્યાયવિજયજી,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિષય વાસના.

( રચનાર-છગનલાલ નહાનચંદ નાણાવટી, વેજલપુર, ભરૂચ. )

( પદ. )

વિષય વાસના તજ તું પ્રાણી, વિષ હળાહળ જાણી રે;
મનુષ્ય જન્મ શિદ એળે ગાળે, કરી લે કાંઇ કમાણી રે. ૧ વિષય વાસના.
પાંચ ઇંદ્રિના ત્રેવીશ વિષયો, સદા કાળ તેં સેવ્યા રે;
તોય ન તૃપ્ત થયો તું પ્રાણી, પાશબંધ જકડાયા રે. ૨ વિષય વાસના.
હરણ, હાથી ઇત્યાદિક જીવો, ઇંદ્રિય સુખમાં રાચી રે;
વિષય વેદના દેહે વેઠી, મરણ શરણુ લે જાચી રે. ૩ વિષય વાસના.
હુતાશનીમાં કાષ્ટ હોમતાં, કદીએ તૃપ્ત ન થાએ રે;
વિષય વાસના તેવી જાણો, જયમ સેવો ત્યમ વાધે રે. ૪ વિષય વાસના.
વિષય સેવતાં લાગે મીઠા, પરિણામે દુ:ખદાયી રે;
અનાદિ કાળના અભ્યાસે તું, રાચી રહ્યો લપટાઇ રે. ૫ વિષય વાસના.
દુર્લભ એવો મનુષ્ય જન્મ તે, વગર વિચારે હારે રે;
દિવ્ય સુખને ભોગે ભોળા, અલ્પ સુખ શું ધારે રે. ૬ વિષય વાસના.
પૂર્વ પુણ્યથી પ્રાપ્ત થઇ છે, સામગ્રી સુખકારી રે;
પાછળથી પસ્તાવો થાશે, જોતું જાશે હારી રે. ૭ વિષય વાસના.
ચાર ગતિમાં દ્વાર મોક્ષનું, સમજી લે આ કાયા રે;
સ્થાયી સુખ નીપજાવા કાજે, તજ તું મોહ ને માયા રે. ૮ વિષય વાસના.
શાણો થઇ તું શિદ ગુમાવે, લાખેણો આ લ્હાવો રે;
ફરી ફરી નહિ હાથે ચઢશે, અમુલ્ય અવસર આવો રે. ૯ વિષય વાસના.
વચન વીરનાં ઉરમાં ધારી, સફળ કરી લે ફેરો રે;
અવગણના કરતાં તું હારીશ, નૌતમ નરભવ હીરો રે. ૧૦ વિષય વાસના.
સાધુ સંતને જ્ઞાની જનો સહુ, વિષય વાસના ત્યાગે રે;
સમાગમ એવા સંત જનોનો, છગન નિશદિન માગે રે. ૧૧ વિષય વાસના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આપણી ધાર્મિક સંસ્થા–"શ્રી જૈન સંઘ" ની સત્તા.

આપણી આ સંસ્થા લગભગ અઢી હજાર વર્ષથી તો નિયમિત ચાલે છે. એટલું આપણે જાણીએ છીએ એટલે ભગવાને તીર્થની સ્થાપના કર્યા પછી આ સંસ્થા ગામેગામ અને શહેરે શહેર પોતાનું કામ બજાવે જાય છે.

આ ધાર્મિક સંસ્થા છે અને નાતોની સંસ્થાએ સામાજીક સંસ્થા છે, હરકોઈ જૈન નામ ધરાવનાર ઉપર આ સંસ્થાની સત્તા છે અને જૈન નામથી ચાલતી હરેક સંસ્થાઓની જવાબદારી અને અંતિમ સત્તા આ સંઘ સંસ્થાની છે. અને કોઈપણ જૈન નામે કરવામાં આવતા કાર્યોમાં સીધી કે આડકતરી રીતે આ સત્તાની પરવાનગી ન હોય તો તે થઈ શકેજ નહીં. જૈન ધર્મ માની જૈન નામ ધરાવનાર દરેક સ્ત્રી, પુરૂષ, કે બાળક બાળીકા આ સંસ્થાના સભ્યો છે. નાતો એ ધાર્મિક સંસ્થા નથી પણ એ સામાજીક ( સાંસારિક ) સંસ્થાએ છે.

આપણા સંઘોના બંધારણો નીચે પ્રમાણે હતા. એક સંઘપતિ, ( પ્રમુખ ) પટેલીયા અથવા ચોવટીઆ અને પંચાતીઆ ( કાર્યવાહક કમીટીના સભ્યો ) કોટવાળ, ભંડારી ( ખજાનચી ) આવી જાતની વ્યવસ્થા હોય છે. અને જાત મહેનત કે બીજા મોટા કાર્યોમાં દરેક સહકારથી સાથે મળી કામ પાર પાડતા હતા.

મધ્ય કાળમાં જૈનો સત્તાધારી હતા. ગમે તે પ્રદેશમાં જાઓ, પણ જ્યાં બે-પાંચ કે પચ્ચીશ ઘર હોય ત્યાં પણ મુખ્ય નાગરિક તરીકે જૈનો હતા. તેના કેટલાક અવશેષો હાલ પણ જણાય છે. એ હીસાબે શહેરના સામાજીક સવાલોમાં પણ જૈનો આગેવાની ભર્યો ભાગ લેતા હતા, તેથી નગરશેઠ તરીકે સ્વીકાર થતો હતો. એટલે નગરશેઠ અને સંઘપતિ એ બે પદવી એકજ હોંશીયાર વ્યક્તિને મળતી હતી. નગરશેઠ પદવી એ શહેર તરફથી સામાજીક પદવી છે અને સંઘપતિ એ ધાર્મિક સંસ્થાની પદવી છે. આ બન્ને પદવીનું કાર્ય જુદું જુદું હોય છે; છતાં એકજ વ્યક્તિને બન્ને અધિકાર હોવાથી વખતે વખતે સેળભેળ થઇ જાય અથવા લોકોને સેળભેળ જેવું જણાઇ આવે.

સંઘપતિને પોતાના વહીવટમાં મદદ કરવા માટે બીજા કાર્યવાહકોની મદદ જોઇએજ, તેથી તે વખતે જે જે આગળ પડતા અને કાર્યકુશળ પુરૂષો હોય તેને ચુંટવામાં આવતા હતા. તે ઘણે ભાગે પોતાની નાતના આગેવાન હોય અને, ઘણે ભાગે નાત ઉપર કાબુ ધરાવતા હોય, આવા લાગવગવાળા માણસો સંઘની સંસ્થામાં કાર્યવાહકો હોય તો સંઘ સંસ્થાની મજબુતી સારી રહે, એમ સમજીને તેઓને તે કમીટીમાં દાખલ કરવામાં આવતા હતા. પણ વાંચક બંધુએ એટલું ધ્યાનમાં રાખવાનું કે બન્ને કાર્યો જુદા છે. ભલે અધિકારી વ્યક્તિઓ એકજ છે; છતાં તેણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘની ધાર્મિક સંસ્થામાં ધાર્મિક દૃષ્ટિથી કામ કરવાનું હોય છે અને નાતની સંસ્થામાં સામાજીક દૃષ્ટિથી કામ કરવાનું હોય છે.

આ ઉપરથી મને એક નિયમ એ સૂઝે છે કે–ધાર્મિક ગુન્હો કરે તે સંઘ બહાર ગણાય, અને સામાજીક (નાતનો) ગુન્હો કરે તે નાત બહાર. સંઘ બહાર હોય તે નાત બહાર ન ગણાય અને નાત બહાર હોય તે સંઘ બહાર ન ગણાય.

આ રીતે કેટલાક ભાઈઓ એમ કહે છે કે–સંઘમાં કે નાતમાં એકહથ્થુ સત્તા હોય છે, પણ તેમ નથી, તેમાં પ્રતિનિધિ તત્વ ખાસ છે. દરેક આગેવાનને રીતસર બોલાવવા પડે છે. તેની ગેરહાજરીમાં કે સમ્મતિ મળ્યા વિના કોઇપણ ઠરાવ પસાર થઇ શકતોજ નથી. એટલે એકહથ્થુ સત્તા નથી હોતી. પણ આપણને એકહથ્થુ સત્તા જેવું લાગે છે, તેનું કારણ દરેક બાબતનો આધાર વિશ્વાસ ઉપર વધારે હોય છે. આગેવાનો મોટે ભાગે લાગણીવાળા અને હોંશીયાર તથા બાહોશ હોવાથી અને જે જે સારા કામો કરે, તેમાં વિરોધ કર્યા વિના દરેક અધિકારીઓની ગર્ભિત સમ્મતિ ગણી આગેવાનો ઉપર વિશ્વાસ પડી ગયેલો હોવાથી તેમજ વિશ્વાસ ઉપર દરેક કામો નભતા હોવાથી, જે એક કરે તે સૌ કબૂલ રાખતા હતા, તેથી લાંબે વખતે કોઇ કોઇ સ્થળે સત્તાનો દુરૂપયોગ પણ થયો હોય, તેનો લાભ લઇ પાશ્ચિમાત્યોના સંસ્કારથી આપણે તેના સારા તત્વો ન સમજી શકયા, તેથી તેમની ભૂલોજ કાઢવા લાગ્યા છીએ.

એ ઉપરથી આપણા બંધારણમાં વ્યવસ્થા ચોક્કસ છે. જાજમ એટલે સભામંડપ, ગોર એટલે ખાનગી કારભારી, જાહેર ખબર વિગેરેના ખર્ચો નહીં. સાદાઇ અને સીધું કામ, ભેગા થાય, સૌ બોલે એટલે દરેકને બોલવાનો અધિકાર છે. એમ સાબીત થાય છે. દરેક સામાન્ય મેંમ્બરોને પણ અભિપ્રાય આપવાનો અધિકાર તેમાં કબૂલ રાખેલો છે. એક એક સભા આખી રાત સુધી ચાલે તેમાં કામને પાર પાડીને ઉઠવાની મક્કમતા સમાયેલી છે. લાંબા વખત સુધી કેસ ચાલ્યા કરે અને ખર્ચો ચડયા કરે, એ વ્યવસ્થા નથી. આ રીતે બંધારણવાળી સંસ્થા હજારો વર્ષથી ચાલી આવે છે. માત્ર હાલના શિક્ષણ અને હાલના જમાનાની ખોટી અસરને પરિણામે તેની રીતભાત અને બંધારણોના નિયમો માત્ર આગેવાનોને મોઢે રહેલા હોય છે. પણ કાગળ ઉપર નહીં હોવાથી હાલની ઉછરતી પ્રજા, કે સુધારામાં માન ધરાવતી પ્રજા તેના મુખ્ય તત્વથી અજ્ઞાત છે અને તેથી તેની ભૂલોજ જોવામાં આવે છે.

આ ઉપરથી તેમાં ભૂલો કે દોષો ન હોય, તેવું સાબિત કરવા માગતો નથી, મને તો કંઇક ઘસાયેલા સિક્કા જેવી આપણી સંઘ સંસ્થા લાગે છે. ઘસાયેલા સિક્કા ઉપર કેટલાક અક્ષરો કે મહોર–છાપ ઘસાઇ ગયા હોય, આપણે ન વાંચી શકતા હોઇએ; પરંતુ તે કેવળ ફેંકી દેવા જેવું પતરૂં નથી, સિક્કો તો ચોક્કસ છેજ. એમાં ના કહી શકાય તેમ નથી. તે રીતે આ સંસ્થાને પણ ચોક્કસ બંધારણ છેજ.

પ્રભુદાસ બહેચરદાસ પારેખ–પાટણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચર્ચાપત્ર.

નોટ—અમારા ચૈત્ર માસના અંકમાં "સમયના પ્રવાહમાંથી કંઇક" એ મથાળાના વિષયમાં મ્હેસાણા પાઠશાળાની ઉન્નતિ માટે તથા ભવિષ્યમાં તેમાં સુધારા વધારા થઇ કેમ વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરે તે માટે, અમોને મળેલી હકીકત ઉપરથી માત્ર સૂચના રૂપે જે લખવામાં આવેલ છે તે સંબંધમાં તે સંસ્થાના સેક્રેટરી શ્રીયુત વેણીચંદભાઇ તરફથી જે ખુલાસો અમોને મળ્યો છે તે તેઓશ્રીની મરજી અનુસાર નીચે મુજબ પ્રગટ કરવામાં આવે છે.

(માસિક–કમીટી)

## શ્રી આત્માનંદ પ્રકાશના માનવંતા તંત્રી સાહેબ !

નીચેના લખાણને ન્યાયની ખાતર આપના પત્રમાં પહેલીજ તકે સ્થાન આપશો.

આપના પ્રસિદ્ધ માસિકના ચૈત્ર માસના અંકમાં 'સમયના પ્રવાહમાં કાંઇક' એ મથાળા નીચેના લેખમાં આપે જે હકીકત લખી છે તે સંબંધમાં કેટલોક ખુલાસો કરવા રજા લઇએ છીએ, જેથી આપની તથા માસિકના વાંચનારાઓની ગેરસમજ દૂર થાય.

ધાર્મિક કેળવણીની મંદ સ્થિતિના સંબંધમાં આપના લખાણને અમે મળતા છીએ. તેમાં ધાર્મિક શિક્ષકોની ખામી સાથે જૈનશાળાઓના આગેવાનોની ઉપેક્ષા, એ પણ કારણભૂત છે.

મ્હેસાણા પાઠશાળાએ દરેકે દરેક શાળાઓને શિક્ષકો પૂરા પાડવાનો ઇજારો રાખ્યો નથી. જ્યારે શિક્ષકોની ખામીજ અનુભવાય છે તો પછી તે ખામી પૂરવા આત્માનંદ સભા કે કોઇપણ પ્રચલિત સંસ્થા પ્રયત્ન કરે અગર કોઇ વ્યક્તિ નવી સંસ્થા ખોલી તે ખામી પૂરે તો મ્હેસાણા પાઠશાળા તેની આડે આવતી નથી.

મ્હેસાણા પાઠશાળાએ ધાર્મિક શિક્ષકો તૈયાર કરેલા સમાજના જાણવામાં નથી આવ્યા, એમ આપ લખો છો તેથી અમને બહુજ વિસ્મયતા લાગે છે. આના ઉત્તર રૂપે આ સાથે લિસ્ટ બીડયું છે તે વાંચી વાકેફ થશો. આ લિસ્ટ પાંચ વર્ષ પહેલાનું છે એટલે પાંચ વર્ષમાં જે શિક્ષકો તૈયાર થયા છે તેની સંખ્યા એમાં નથી. તૈયાર થયેલા શિક્ષકો પૈકી કેટલાકોએ વેપારી લાઇન લીધી છે એટલે શિક્ષકોની ખામી રહે એ સ્વાભાવિક છે અને તે રહેવાનીજ. અને હવે તો ધાર્મિક શિક્ષક થવાની લાઇન લેવા તરફ લોક રૂચિ ઘણી ઘટી ગઇ છે તેનાં અનેક કારણો છે. એક તો એ લાઇન લેનાર દીક્ષા લઇ લેશે તો ? એવી મા બાપને ભીતિ રહે છે. બીજું ધર્માદા ખાતાઓની નોકરી કરાવવાનું તેઓ પસંદ કરતા નથી. ત્રીજું જેવો વેપારી લાઇનમાં ચાન્સ વધે છે તેવો એ લાઇનમાં ચાન્સ વધતો નથી. વળી ગવરમેંટની પેઠે મ્હેસાણા પાઠશાળા પાસે લાખો રૂપીયાનું ફંડ નથી કે જેને આધારે ધાર્મિક શિક્ષકોના ગ્રેડ પોતે પ્રતિવર્ષ વધાર્યા કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મ્હેસાણા પાઠશાળાએ શિક્ષકોનો જે ફાળો આપ્યો છે તેવો બીજી કઇ સંસ્થાએ આપ્યો છે તે વિચારશો તો અવશ્ય આપને તેને માટે હર્ષ જાહેર કરવો પડશે. અમારૂં તો એમ માનવું છે કે મ્હેસાણા પાઠશાળા જેવી હિંદના ભિન્ન ભિન્ન વિભાગમાં બીજી દશ સંસ્થાઓ હોય તોજ શિક્ષકોની ભૂખ ભાંગી શકે.

મોકલેલું લિસ્ટ બારીકીથી વાંચશો તો આપને ખાત્રી થશે કે આ સંસ્થામાં અભ્યાસ કરી કેટલાક સમર્થ મુનિવરો અને કેટલાએક પંડિતો પણ થયા છે. મુનિવરો આત્મ-કલ્યાણ કરી સારા સંસ્કાર પાડી અનેકનું હિત કરી શકે. પંડિતો એટલે કાશીના જેવા ખાલી વાદવિવાદ કરનારા નહિ. શાસ્ત્ર એવાઓને પંડિત તરીકે સ્વીકારતું નથી. પણ પ્રભુની આજ્ઞામાં રહી જ્ઞાન અને ક્રિયા ઉભય માર્ગનું સેવન કરી પ્રજાને સુધારી શકે, સુધરવાના માર્ગ બતાવી શકે, એવાઓજ પંડિત તરીકે સ્વીકારી શકાય, અને આ દિશામાં થોડે અંશે પણ આ સંસ્થાએ કામ કર્યું છે તો એને અમે તથા અમારા દ્રવ્ય સહાયકો પણ દ્રવ્યની સફળતાજ થયેલી માને છે અને તેથીજ અમને આર્થિક મદદ મળવી ચાલુ છે. સાર વસ્તુ હંમેશાં થોડીજ હોઈ શકે; પછી તે દ્વારા તેનો ફેલાવો થાય તો એમાં થયેલો દ્રવ્ય વ્યય નિષ્ફળ કેમ કહેવાય, એનો આપ પોતેજ તટસ્થ વૃત્તિથી વિચાર કરશો.

અહીંથી તૈયાર થઇ બહાર પડેલા શિક્ષકો મ્હોટે ભાગે સારા સંસ્કારવાળા તથા શ્રદ્ધાળુ નીવડયા છે એટલે અમે તો આ લાભ જેવો તેવો માનતા નથી; કારણ કે સદાચાર હીન વિદ્વાન્ કરતાં સદાચારી ઓછા જ્ઞાન વાળાઓને જ્ઞાનીઓ વખાણે છે અને તેથીજ અમે તેવાઓને ખાસ મહત્વ આપવા લલચાઇએ છીએ. વળી તૈયાર થયેલી સંખ્યાના પ્રમાણમાં ખર્ચ પણ બહુ ઓછું થયું છે, એ આપ અમારા આજ સુધીના રિપૉર્ટ જોવાથી જાણી શકશો.

દોઢ વર્ષ પહેલાં અમારા કેળવણી ખાતાના પરીક્ષક મી. દુર્લભદાસ કાળીદાસ અત્રે પાઠશાળામાં કોઇ વિદ્યાર્થી ન હોવાથી વિદ્યાર્થીઓને શોધવા નીકળ્યા, એમ આપ લખો છો, એ હકીકતથી અમને ઘણુંજ સખેદાશ્ચર્ય ઉત્પન્ન થયું છે. આ બાબત આપે તપાસ કર્યા પછી લખી છે કે કોઇએ ઈર્ષ્યાબુદ્ધિથી આપના તરફ ગપગોળો મોકલ્યું હોય અથવા સાંભળ્યું હોય તેના આધારે લખી છે, તેનો ખુલાસો કરશો. કારણકે અત્રે તો દોઢ વર્ષ પહેલાં ખાસી એક, બે, ત્રણ નહિ પણ ૩૧ અંકે એકત્રીશ વિદ્યાર્થીઓની સંખ્યા હતી જે અત્રેનું રજીસ્ટર પત્રક તથા વાર્ષિક રિપૉર્ટ સ્પષ્ટ કહી આપે છે.

અમારી મદદમાં તથા અમારા હાથ નીચે કાર્યકુશળ માણસો સ્થાનિક તથા બહારગામના છે કે નહિ ? એને માટે કૃપા કરી આપ પોતે અગર આપના તરફથી એક પ્રતિનિધિને અત્રે અમારા ખર્ચે ફક્ત ૨-૩ દિવસને માટે મોકલો એટલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના દ્વારા ખરી હકીકતથી આપ વાકેફ થઇ શકશો. કારણકે આ બાબતમાં દૂર રહીને અમે કાંઇ લખીએ એથી આપના હૃદયને સંતોષ થશે નહિ તેમજ તેમ કરવાથી આત્મશ્લાઘા કરવાનો પણ ભય ઉભો થશે. કાર્યકુશળ માણસો વિના સંસ્થા તથા મંડળનાં કામકાજ કેમ ચાલતાં હશે, એનો આપજ જરા ઉંડા ઉતરી ખ્યાલ કરશો. આપના લખાણનો અર્થ તો એમજ થાય છે કે વેણીચંદ એકલાજ કામ કરનાર છે અને બીજું કોઇજ નથી. કોઇપણ જમાનામાં આવી સ્થિતિ નભે ખરી ?

ડાહ્યા માણસોની વ્યાજબી ભલામણ તથા સમયના પ્રવાહને માન આપી અમે આ સંસ્થામાં કેટલોક વખત થયા નામું, ગુજરાતી તથા અંગ્રેજી વિષયો પણ દાખલ કર્યા છે, તેને માટે અધ્યાપકો ગોઠવવામાં આવ્યા છે. જેને પરિણામે હાલ આ સંસ્થામાં ૩૯ વિદ્યાર્થીઓ છે. આથી આ સંસ્થાની જાહોજલાલી અથવા પ્રગતિ તથા અમે અમારા મતેજ નહિ ચાલતાં બીજાઓના અવાજને પણ માન આપીએ છીએ, એમ આપ જોઇ શકશો.

અમે અમારી બુદ્ધિ માટે કયારેય પણ ગર્વ કર્યો નથી અને કરતા નથી. સંઘના અમે દાસ છીએ, અમારો વહીવટ ખામી વગરનો છે, એમ પણ અમે કોઇ દિવસ કહ્યું નથી. શકય પ્રયત્ન અમે કર્યો છે અને કરીએ છીએ. મનુષ્યનું કામ પ્રયત્ન કરવાનું છે, તેનું ફળ મળવું દૈવાધીન છે. અમે તો હજી પણ આ સંસ્થાના ઉદ્દેશની સિદ્ધિ કરનારા ચારિત્રવાન્ આત્મભોગી બંધુઓને અમારે ખર્ચે અત્રે પધારી કામ કરી બતાવવા આમંત્રણ કરીએ છીએ. અને અમને સંસ્થાનો ઉદ્દેશ સિદ્ધ થતો જણાશે, અમારૂં હૃદય એ બાબતમાં સાક્ષી પૂરશે તેજ વખતે અમે નિવૃત્ત પરાયણ થવામાં વિલંબ કરશું નહિં. તેવી ઇચ્છાવાળાઓએ ખુશીથી અત્રે પધારવું. ઉદ્દેશથી વિરૂદ્ધ દિશામાં કામ કરનારને માટે અમારી મુદ્દલ સહાનુભૂતિ નથી. તેમ થવા દઇએ તો અમે સમાજે અમારામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કર્યો, એમ માનીએ છીએ, જેને કોઇપણ વિચારક ટેકો ન આપી શકે. ઉદ્દેશને અનુકૂળ રહી, કામ કરી, પરિણામ બતાવનારને, યોગ્ય સમયે અમે ખુશીથી વહીવટ સોંપીએ. તેવી પરિસ્થિતિને અભાવે ગમે તેને વહીવટ અમારાથી સોંપી શકાય નહિં કારણકે ખાલી આમ કરવું જોઇએ અને તેમ કરવું જોઇએ, એટલુંજ માત્ર જલ્પનારમાં અમને વિશ્વાસ નથી. બોલવું એ એક વસ્તુ છે અને કામ કરી બતાવવું એ બીજી વસ્તુ છે, અને એમાં આકાશ પાતાળ જેટલુ અથવા રવિખદ્યોત જેટલું અંતર છે, એ આપ કયાં નથી જાણતા ?

આ પાઠશાળામાં સાધુ સાધ્વીજી મહારાજો પણ વ્યાકરણ, કાવ્ય, કોષ વગેરેનો અભ્યાસ કરે છે અને તેમને માટે કુશળ પંડિત રોકવામાં આવ્યા છે જેને પરિણામે સમર્થ વ્યક્તિઓ તૈયાર પણ થઇ છે, એ હકીકત તરફ આપનું ધ્યાન ખેંચીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપે લેખ લખવા અગાઉ અમને પત્ર લખી અગર હાલમાંજ અમે ભાવનગર આવ્યા ત્યારે રૂબરૂ ખુલાસા મેળવવાની જરૂર હતી. સમજુ માણસો તો આવો જ સુંદર માર્ગ અખત્યાર કરે. સહસા લેખ બહાર ન પાડી દે.

પ્રાંતે સદ્‌ભાવે ટીકા કરનાર તરફ અમારૂં માન છે અને અસદ્‌ભાવે ટીકા કરનાર તરફ અમારી ઉપેક્ષા છે, એટલું જણાવી અત્રે વિરમીએ છીએ, સં. ૧૯૭૯ ના ચૈત્ર વદ ૧૨ ગુરૂવાર, મ્હેસાણા.

લી૦ શ્રી સંઘનો યઃકશ્ચિત્ સેવક,
વેણીચંદ સુરચંદના પ્રણામ વાંચશો.

# વર્તમાન સમાચાર.

પ્રાતઃસ્મરણીય ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( શ્રી આત્મારામજી ) મહારાજની સ્વર્ગવાસ તીથી નિમિત્તે પ્રથમ જેઠ શુદ ૮ ના રોજ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી પવિત્ર તીર્થ ઉપર કે જ્યાં આ પૂજ્યપાદ ગુરૂરાજની મોટી ટુંકમાં દેરી છે, ત્યાં દર વર્ષ મુજબ જયંતી ઉજવવામાં આવી હતી. દર વર્ષ પ્રમાણે આ સભાના સુમારે પચાસ સભાદોએ ત્યાં જઇ પૂજા ભણાવી હતી. સુંદર આંગી મોટી ટુંકમાં શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરીકજી મહારાજ અને ગુરૂરાજની મૂર્તિને રચાવી હતી. ભાવના ભાવી દેવગુરૂ પૂજા ભક્તિ વગેરે કર્યું હતું. સાંજના સ્વામિવાત્સલ્ય પણ સામાન્ય રીતે કર્યું હતું. એ રીતે ગુરૂભક્તિ કરી હતી. દર વર્ષ મુજબ આ વર્ષે પણ પ્રથમની કબુલત મુજબ જામનગર નિવાસી શેઠ મોતીચંદભાઇ હેમરાજના તરફથી આર્થિક સહાય મળતી હોવાથી સ્વામિવાત્સલ્ય તેમના તરફથી કરવામાં આવ્યું હતું.

## સભાનો વાર્ષિક મહોત્સવ.

બીજા જેઠ શુદ ૭ ના રોજ આ સભાને સ્થાપન થયાં સતાવીશ વર્ષ પુરાં થઇ અઠ્ઠાવીસમું બેસતું હોવાથી, દર વર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનમાં પ્રભુજી પધરાવી દર વર્ષ મુજબ કરવામાં આવ્યો હતો. સવારમાં પ્રભુજી તથા પૂજ્યપાદ ગુરૂરાજશ્રી આત્મારામજી મહારાજની છબી પધરાવી વાસક્ષેપથી સવારના પ્રથમ પૂજન તથા સ્તુતિ કરવામાં આવી હતી. ત્યાર બાદ વાજીંત્રો સાથે શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી. સાંજના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ તરફથી સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. એ પ્રમાણે દર વર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

(નોટ):—દર વર્ષે જેઠ માસ એકજ આવતો હતો જેથી જયંતી તથા વાર્ષિક મહોત્સવ સાથે થતા હતા. આ વર્ષે બે જેઠ માસ હોવાથી તેમજ પ્રથમ જેઠ માસની શુદ ૭ ની રાત્રીના ( સં. ૧૯૫૨ ની સાલમાં ) પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજનો સ્વર્ગવાસ થયેલ હતો, જેથી મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની આજ્ઞાનુસાર જયંતી પ્રથમ જેઠમાં અને સભાનું સ્થાપન તેજ સાલના બીજા જેઠ માસમાં થયેલું હોવાથી વાર્ષિક મહોત્સવ બીજા જેઠ શુદ ૭ના રોજ આ વર્ષે ઉજવવામાં આવેલ છે. હવે પછી બંને સાથે થશે ( સેક્રેટરીઓ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## " जयन्ति महोत्सव "

बीकानेर—प्रथम ज्येष्ठ शुक्ला ८ बुधवारको प्रातःकाळ जैन पौषधशालामें न्यायाम्भोनिधि जैनाचार्य श्रीमद्विजयानन्दसूरिश्वेर ( प्रसिद्ध नाम श्री आत्मारामजी महाराज ) की २७ वीं जयन्ति का महोत्सव लगभग १००० एक हजार स्त्री पुरुषोंकी उपस्थितिमें बडे भारी समारोह के साथ मनाया गया। गुरु वासक्षेप पूजन, मंगलाचरण, गुरुगुणगान और श्री नन्दकिशोरजी कोचरका " गुरुजीवन " विषय पर व्याख्यान हुआ। माष्टर रामलोटनप्रासादके भाषण के पश्चात् मुनिवर्य श्री वल्लभविजयजी महाराजके सुशिष्य श्री मुनिराज विचक्षण विजयजी महाराजका " गुरुजीवन और उससे मिलने वाली शिक्षायें " विषय पर प्रभावशाली आख्यान हुआ। पश्चात् जयजय ध्वनिके साथ सभा विसर्जन हुइ और श्री सुमेरमलजी सुराना ही और सेओलोंकी प्रभावना हुइ और दोपहर में " पञ्चप्रमेष्टि " की पूजा पढाई गई तथा गुरु महाराजकी मूर्तिके सन्मुख " गुरुअष्ट प्रकारी पूजा पढाई गई।

---

## અમદાવાદમાં ઉત્તમ પ્રકારે ઉજવાયેલી શ્રી વિજયાનન્દ સૂરિશ્વરજી મહારાજ સાહેબની જયન્તી.

પ્રથમ જેઠ શુદિ આઠમના દિવસે ઉજમબાઇની ધર્મશાળામાં મહા પરોપકારી શ્રીમાન્ હંસાવજયજી મહારાજ સાહેબના અધ્યક્ષપણા નીચે પ્રાતઃકાલમાં મહાન્ મેળાવડો થયો હતો, તેમાં નગરશેઠ, વિમલભાઇ વિગેરે સંભાવિત ગૃહસ્થોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રથમ ગુરૂમૂર્ત્તિનું પૂજન થયા બાદ ભોજકોએ હારમોનીયમ, તબલા સાથે મંગલાચરણ કર્યું હતું. ત્યારબાદ જૂદા જૂદા કાવ્ય અને છંદોમાં મુનિ મહારાજોએ ગુરૂસ્તુતિ કરી હતી; બાદ શ્રીમાન્ હંસવિજયજી મહારાજ સાહેબે ગુરૂ ગુણુ ગર્ભિત સંસ્કૃત કાવ્યોનું કથન કરી વ્યાખ્યાન શરૂ કર્યું હતું. તદનંતર મૂળચંદભાઇ વૈરાટીએ અસરકારક ભાષણ કર્યું હતું. ત્યારબાદ બીજા સદ્ગૃહસ્થોએ પણ વિવેચન કર્યું હતું. બપોર પછી શ્રી મહાવીર સ્વામીના દેવળમાં ૧૦૮ શ્રીફળ પ્રમુખ સામગ્રીથી મોટા ભપકા સાથે શ્રીમાન્ હંસવિજયજી મહારાજ સાહેબ કૃત શ્રી ગિરનાર મંડન બાળ બ્રહ્મચારી શ્રી નેમિનાથ ભગવાનની પુજા ભણાવવામાં આવી હતી. તે પ્રસંગે પણ દેવળ ચિકાર ભરાઇ ગયું હતું. આનંદ આનંદ વર્તાઇ રહ્યો હતો.

---

## લેખકને સુચના.

એક ઉત્સાહી—તમારૂં સ્પષ્ટ નામ નહીં હોવાથી તમારી કવિતા દાખલ કરેલ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકજનક મરણ.

## બંધુ વનમાળીદાસ દેવચંદનો સ્વર્ગવાસ.

બંધુ વનમાળીદાસ માત્ર આઠ દિવસની બીમારી ભોગવી વર્ષ ૪૦ ની ઉમરે વૈશાક શુ. ૫ ના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ સભાના સભાસદ હતા. સ્વભાવે સરલ અને મિલનસાર હતા. પોતાના વેપારમાં સ્વકમાઇમાં થોડા વર્ષમાં વૃદ્ધિ પામ્યા હતા. તેઓ ધર્મ પ્રેમી અને આ સભા ઉપર પ્રેમ ધરાવનારા હતા તેઓના સ્વર્ગવાસ માટે અમો દીલગીર છીયે તેઓના આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ છીયે.

---

## બંધુ પ્રેમચંદ ત્રિભુવનદાસનો સ્વર્ગવાસ.

બંધુ પ્રેમચંદભાઇ ગયા પ્રથમ જેઠ વદી ૧૧ ના રોજ રાત્રિના ત્રીશ વર્ષની યુવાન વયે ક્ષય રોગના વ્યાધિથી સ્વર્ગવાસ પામ્યા છે. બંધુ પ્રેમચંદભાઇ આ શહેરના અગ્રગણ્ય શ્રી સંઘના નાયક શેઠ ત્રિભુવનદાસના સુપુત્ર અને શેઠ નરોતમદાસ ભાણજીના ભત્રિજા થતા હતા. ભાઈ પ્રેમચંદ બાલ્યાવસ્થાથીજ સ્વભાવે સરલ, શાંત, માયાળુ, અને મળતાવડા હતા. ભાઈ નરોતમદાસ ભાણજીએ તેઓને સારી કેળવણી આપી હતી તેટલુંજ નહીં પરંતુ તેમના પ્રત્યે ભાઇ પ્રેમચંદ આજ્ઞા ધારક અને પૂજ્ય બુદ્ધિવાળા હોઇને ભાઇ નરોતમદાસે ભાઇ પ્રેમચંદ સ્કુલમાંથી મુક્ત થયા પછી તેમને વેપારી કેળવણી આપી પોતાના ધંધામાં તૈયાર કર્યા હતા. ભાઇ પ્રેમચંદના સહવાસમાં આવેલા કોઇ પણ મનુષ્યને તેના પ્રત્યે પ્રેમ હોવાથી આ માઠા બનાવથી ખેદ થયા સિવાય રહેલ નથી. ભાઈ પ્રેમચંદની જીંદગી જો લંબાઇ હોત તો ભવિષ્યમાં એક સારા વેપારી અને સજ્જન પુરૂષ થઇ શકત, પરંતુ ભવિતવ્યતા ન રૂચતું હોવાથી એક પુષ્પ સંપુર્ણ ખીલ્યા પહેલાં કરમાઇ ગયું છે. તેઓ દેવગુરૂ ધર્મ ઉપર પ્રેમ ધરાવનાર અને ઉપાસક હતા. આ સભા ઉપર તેમનો સંપૂર્ણ પ્રેમ હતો, આવા અત્યંત વિપરિત બનાવથી આ સભા પણ પોતાની સંપૂર્ણ દીલગીર જાહેર કરે છે. અને ભાઇ પ્રેમચંદના સ્વર્ગવાસથી આ સભાને એક નરરત્ન સભાસદની ખોટ પડી છે. આ ખેદકારક બનાવ બનતાં આ સભાએ તે માટે દીલગીરી જાહેર કરવા સભા બોલાવી હતી અને તેની નોંધ લઇ દિલગીરીનો ઠરાવ પસાર કરી તેમના વડિલ શ્રી નરોતમદાસભાઇ અને બંધુ દામોદરદાસ ઉપર દિલાસાપત્ર લખી મોકલવા ઠરાવ કરેલો છે, ભાઇ પ્રેમચંદના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીયે છીયે અને બંધુ નરોતમદાસ તથા ભાઈ દામોદરદાસ, ઉક્ત બંધુ પ્રેમચંદભાઇના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानंद प्रकाश.

( પુસ્તક ૨૦ મું. )

પુ૦ ૨૦ મું. વીર સંવત ૨૪૪૮-૪૯ આત્મ સંવત ૨૭-૨૮. અંક ૧૨

"सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः"

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्तृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥१॥

પ્રકટ કર્તા,
શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક વિષયાનુક્રમણિકા.


| વિષય. | કર્તા. | પૃષ્ટ. |
|---|---|---|
| નૂતનવર્ષ પ્રારંભ પદ્ય | | ૧ |
| નૂતનવર્ષારંભના ઉદ્ગારો. | | ૨ |
| નિઃસ્વાર્થ સેવા કોણ કરી શકે ? | શ્રીમાન કર્પુરવિજયજી | ૫ |
| વ્યવહારિક કાર્યશીલતા | વી. મુ. શાહ | ૭ |
| જ્ઞાનમય જીંદગી સુખી શી રીતે છે. | ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ | ૧૨ |
| કાવ્ય પદ્ય | | ૧૪ |
| ખરો ગૃહસ્થ કોણ ? | | ૧૫ |
| શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતિ પ્રસંગે **ગુજરાનવાલા** (પંજાબ) માં ગુરૂ બક્ષરાય ક્ષત્રીએ ગાયેલી કવિતા. | | ૨૦ |
| પર્યુષણ જેવા પવિત્ર પર્વનો પ્રભાવ નહિ સમજતાં મુગ્ધ ભાઇ બ્હેનોને બે બોલ. | શ્રીમાન કર્પુરવિજયજી. | ૨૨ |
| પર્વાધિરાજ પર્યુષણ પ્રસંગે શાસનપ્રેમી સજ્જનો પ્રત્યે સાદર નિવેદન. | ,, | ૨૩ |
| આપણા પોતાને માટે | કલ્યાણ ( વડોદરા ) | ૨૫ |
| ધ્યાનમાં રાખવા જોગ વાક્યો | જૈન | ૨૭ |
| વર્તમાન સમાચાર | પા. ૨૮-૫૨-૧૦૬-૧૫૬-૧૮૨-૨૩૬-૨૮૬-૩૦૯ | |
| હૃદય શુદ્ધિ. ક્ષમા–યાચના ગદ્ય. પદ્ય | સંઘવી વેલચંદ ધનજી | ૨૯ |
| ક્ષમાપના ગદ્ય. | | ૩૦–૫૩ |
| પર્યુષણ મહોત્સવ ગદ્ય. | સંઘવી વે. ધ. | ૩૦ |
| આતે કેવો હાસ્યજનક અજ્ઞાન વ્યાપાર ( તે દુર કરવા માટે આક્ષેપ ) | શ્રીમાન કર્પુરવિજયજી | ૩૧ |
| સમ્યક્દર્શન | અધ્યાયી | ૩૪ |
| યુવાવસ્થાનો ઉપયોગ | વિ. મુ. શાહ | ૪૧ |
| તિર્થંકર નામકર્મ ઉપાર્જન કરવાના હેતુઓ | વકીલ નંદલાલ લલુભાઇ વડોદરા | ૪૮ |
| ગ્રંથાવલોકન | પા. ૫૩-૧૦૬-૧૫૭-૧૮૧-૨૧૨-૨૩૫-૨૫૯-૩૧૦ | |
| જૈનાચાર્ય વિજયધર્મસૂરજીનો સ્વર્ગવાસ | | ૫૪ |
| શ્રી વીરસ્તુતિ પદ્ય | મનસુખલાલ ડાહ્યાભાઇ શાહ | ૫૫ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| સુખ દ્રષ્ય પદ્ય | | ૫૬ |
| ધર્મ જીવનનું ઉપાદાન | અધ્યાયી | ૫૬ |
| એક પુણ્ય સ્મૃતિ | ” | ૬૩ |
| આરોગ્યતા સાચવી રાખવા સંબંધી સહુએ સાવચેત રહેવાની જરૂર | શ્રીમાન કર્પુરવિજયજી | ૬૪ |
| હિન્દની વીર પૂત્રીઓએ દેશની હાકલ સાંભળી હવે શૂર લાવવું જોઇએ | ” | ૬૭ |
| સમાલોચક | શાહ છોટાલાલ મગનલાલ | ૬૮ |
| મધ્યમ અવસ્થાનો ઉપયોગ | વિ–મુ શાહ | ૭૧ |
| પ્રકીર્ણ (કાંકરોલી જૈન મંદિરનો ખેદકારક બનાવ) | | ૭૮ |
| સુધારો | | ૮૦ |
| દીપોત્સવી પદ્ય | સંઘવી વે–ધ. | ૮૧ |
| સહૃદય સજ્જન ભાઇ બ્હેનો પ્રત્યે બે બોલ | શ્રીમાન કર્પુરવિજયજી | ૮૨ |
| અહિંસક વૃત્તિ પદ્ય | સંઘવી વે–ધ. | ૮૩ |
| પવિત્ર રત્નત્રયીનું પ્રમાદ રહિત પ્રાલન કરવાથી થતું આત્મકલ્યાણ. | | ૮૩ |
| જૈન તરીકે આપણી ચોખ્ખી ફરજ | શ્રીમાન કર્પુરવિજયજી | ૮૫ |
| ચેતનજીને ફટકા પદ્ય | શા. ડાહ્યાલાલ લહેરચંદ ખોકર | ૮૬ |
| સન્મિત્ર સંગ્રહ | વિ–મુ. શાહ | ૮૭ |
| સંસારદર્શન | ગાંધી વ–ત્રી. | ૯૧ |
| એક પિતાએ પોતાની પુત્રીને આપેલ બોધ. | રાયચંદ મોતીચંદ નવસારી | ૯૪ |
| મોહરાજ–પરાજય નાટકનો પરિચય | છોટાલાલ મગનલાલ શાહ | ૯૫–૧૪૨ ૧૭૩–૨૨૦ |
| માનવ ચરિત્રનું મુખ્ય ઉપાદાન | રા. અધ્યાયી | ૯૮ |
| પ્રકીર્ણ | | ૧૦૫–૧૨૮–૩૦૮ |
| સંસાર તરંગ પદ્ય | સંઘવી વે–ધ. | ૧૦૮ |
| જૈન કેળવણી સંસ્થા તથા સમાજના ઉદય માટે કાર્યવાહકો સહુએ લક્ષમાં રાખવા યોગ્ય જરૂરી નોંધ. | શ્રીમાન કર્પુરવિજયજી | ૧૦૮ |
| જૈન બંધુઓને વિજ્ઞપ્તિ ( ઘટેલી ધર્મભાવના ) | પ્રમુદાસ બેચરદાસ પારેખ | ૧૧૧ |
| શું એ પ્રભાવ પંચમ આરાનો નહિ ? | ,, | ૧૧૫ |
| દિવ્ય જીવન | રા. અધ્યાયી | ૧૨૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| નિજાત્મ દર્શન પદ્ય | સંઘવી વે–ધ. | ૧૩૧ |
| જૈન યુવાનો પ્રત્યે કાંઇક | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૧૩૨ |
| આપણી બુરી આદતો સુધારી લેવાની જરૂર | શ્રીમાન કર્પુરવિજયજી | ૧૩૭ |
| સાધર્મી ભાઇ બ્હેનો પ્રત્યે કુશળ વહેવાર રાખવો જોઇએ | ,, | ૧૩૮ |
| પરમાત્મપણું પ્રાપ્ત કરવા માટે કેવા પ્રયત્નની જરૂર છે ? | ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ | ૧૩૯–૨૧૬ |
| ભવ્ય જીવોને સદ્બોધ | શ્રીમાન કર્પુરવિજયજી | ૧૪૪ |
| અહિંસા, સંયમ, અને તપ લક્ષણ સંબંધી બે બોલ | ,, | ૧૪૬ |
| જીવનની સાર્થકતા | અધ્યાયી | ૧૪૬ |
| કુદરતનું સૌંદર્ય પદ્ય | સંઘવી વેલચંદ ધનજી | ૧૫૯ |
| કલ્યાણના અર્થી જનોએ કેવું વર્તન રાખવું જોઇએ ? | શ્રીમાન કર્પૂરવિજયજી. | ૧૬૦ |
| આત્મનિરિક્ષણના અભ્યાસ માટે નિવેદન | ,, | ૧૬૨ |
| અહિંસા પરમો ધર્મ કયાં છે પદ્ય. | કવિ સાકળચંદ પીતાંબરદાસ | ૧૬૨ |
| જૈન બંધુઓનો કર્તવ્ય માર્ગ | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૧૬૩ |
| મહાન્ મહાવીરની પ્રભુતા | રા. કલ્યાણચંદ ઝવેરી વડોદરા | ૧૬૮ |
| સાધનો અને આદર્શ | ફતેચંદ ઝવેરભાઇ | ૧૭૨ |
| ગુરૂસ્તુતિ | પી. બી. એન. | ૧૭૨ |
| પ્રકીર્ણ વિચારો | ફતેચંદ ઝવેરચંદ | ૧૭૬ |
| સ્ફુરણ | રા. અધ્યાયી | ૧૭૮ |
| તાત્વિક પુરૂષાર્થ પદ્ય | સંઘવી વે–ધ | ૧૮૩ |
| શુદ્ધ દેવગુરૂની સેવાનો લાભ દુર્લભ કેમ કહ્યો છે ! | શ્રીમાન્ કર્પુરવિજય. | ૧૮૪ |
| આપણા હૃદયને વિશાળ કરવાની જરૂર છે. | ,, | ૧૮૫ |
| ધર્મ જીવનના માર્ગમાં રહેલાં વિઘ્નો | રા. અધ્યાયી | ૧૮૬ |
| ધૈર્ય | વિ–મૂ શાહ | ૧૯૪ |
| શ્રી ભગવાનનું શાસન તંત્ર અને ચાલુ પરિસ્થિતિનું દિગ્દર્શન | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૨૦૦ |
| જૈન સ્વયંસેવક મંડળો | ,, | ૨૦૫ |
| સમયના પ્રવાહમાં કંઇક | કમીટી. | ૨૩૩–૨૫૧–૨૧૦ |
| માનવ દેહની મહત્વતા પદ્ય. | સંઘવી વે–ધ | ૨૧૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| વીર પ્રભુની જયંતી ઉજવવા ભાઈ બ્હેનોને હિતબોલ | શ્રીમાન કપુરવિજયજી | ૨૧૪ |
| અમૃત વચનો | ” | ૨૧૫ |
| આદત અથવા સ્વભાવ | રા. વિ–મુ શાહ | ૨૨૪ |
| સાધુતાના લક્ષણ પદ્ય. | અમૃતલાલ માવજી કલકત્તા | ૨૩૧ |
| હિત ઉપદેશ ( શાસન રહસ્ય ) | શ્રીમાન કર્પુરવિજયજી | ૨૩૨ |
| મહાવીર જિન સ્તવન પદ્ય | છગનલાલ નહાનચંદ નાણાવટી | ૨૩૭ |
| દેવવંદનાદિ ધર્મ ક્રિયામાં કરવો જોઈતો યથા વિધિ આદર | શ્રીમાન કર્પુરવિજયજી | ૨૩૮ |
| ઉદ્દેશ અને કાર્ય પ્રણાલીમાં મૌલિકતા. | વિ–મુ શાહ | ૨૩૯ |
| વિચારકો માટે | છોટાલાલ મગનલાલ શાહ | ૨૪૩ |
| ભક્તિ રસ પદ્ય | | ૨૪૮ |
| સ્વાર્થમય જગત ” | અમૃતલાલ માવજી કલકત્તા | ૨૪૯ |
| શુભ પ્રવૃત્તિ કોને કહેવી | ગાંધી વલ્લભદાસ ત્રીભોવનદાસ | ૨૪૯ |
| આત્માના જ્ઞાનાદિક ગુણોને પુષ્ટી આપનાર પૌષધ. | શ્રીમાન કર્પુરવિજયજી | ૨૫૪ |
| શીલરૂપ વૃક્ષની યતના વાસ્તે નવવાડનું લેશમાત્ર સ્વરૂપ | મુની ખેમકુંજરજી | ૨૫૫ |
| હિત–વચનો | શ્રીમાન કર્પુરવિજયજી | ૨૫૭ |
| શુદ્ધ સંયમ આત્મ નિગ્રહથી થતી આત્મ–શાન્તી | ” | ૨૫૮ |
| શ્રીમાન આત્મારામજી મહારાજની જયન્તિ પદ્ય | સંઘવી વે. ધ. | ૨૬૧ |
| સુક્ત વચનો | શ્રીમાન કર્પુરવિજયજી | ૨૬૨ |
| જીવનને સારૂં બનાવવું જોઈએ | ” | ૨૬૩ |
| રાજસિક અને સાત્વીક ધર્મ | રા. અધ્યાપી. | ૨૬૪ |
| નાની નાની વાતો ઉપર ધ્યાન આપવાની જરૂર | વિ. મુ. શાહ | ૨૭૩ |
| શ્રી જૈન આત્માનંદ સભા જન્મ મહોત્સવ પદ્ય | સંઘવી વે. ધ. | ૨૭૭ |
| વીરના પુત્રોને વીર હાક | વીરપુત્ર. ન્યાયવિજયજી | ૨૭૮ |
| વિષય વાસના પદ્ય | છગનલાલ ન્હાનચંદ નાણાવટી | ૨૮૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| આપણી ધાર્મીકસંસ્થા. શ્રી જૈન સંઘની સત્તા. | પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૨૮૧ |
| ચર્ચાપત્ર | | ૨૮૩ |
| આ સભાનો વાર્ષીક મહોત્સવ. | | ૨૮૬ |
| શ્રી વિજયાનંદ સૂરિનો જયંતિ મહોત્સવ | | ૨૮૭ |
| મરણનોંધ. | | ૨૮૮ |
| આત્મ સ્વરૂપ મંત્ર | વેલચંદ ધનજી | ૨૮૯ |
| સ્વહૃદય સજ્જનોને પ્રેરક વચન | શ્રીમાન્ કર્પૂરવિજયજી | ૨૯૦ |
| જીવનનું વિશ્રામ સ્થાન | રા. અધ્યાયી | ૨૯૧ |
| અંતઃકરણનું આક્રંદ | પ્ર૦ બે૦ પારેખ | ૩૦૦ |
| જ્યોતિ પંથ | શિષ્ય | ૩૦૨ |
| સચ્ચારિત્ર્યનાં સાધનો | | ૩૦૭ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## आ सभा तरफथी प्रसिद्ध थयेला ग्रंथो–संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

| | |
|---|---|
| १ समवसरणस्तवः | ०–१–० |
| २ क्षुल्लकभवप्रकरणम् | ०–१–० |
| ३ लोकनालिका | ०–२–० |
| ४ योनिस्तवः | ०–१–० |
| ५ कालसप्ततिका | ०–१–६ |
| ६ देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च | ०–१–० |
| ७ सिद्धदण्डिका | ०–१–० |
| ८ कायस्थितिस्तवः | ०–२–० |
| ९ भावप्रकरणम् | ०–२–० |
| १० नवतत्त्वप्रकरणं ( भाष्यविवृत्तिसमलंकृतम् ) | ०-१२-० |
| ११ विचारपञ्चाशिका | ०–२–० |
| १२ बन्धषट्‌त्रिंशिका | ०–२–० |
| १३ परमाणु--पुद्गल--निगोदषट्‌त्रिंशिका | ०–३–० |
| १४ श्रावकव्रत भङ्गप्रकरणम् | ०–२–० |
| १५ देववन्दनादि भाष्यत्रयम् | ०–८–० |
| १६ सिद्धपञ्चाशिका | ०–२–० |
| १७ अन्नायउञ्छकुलकम् | ०–२–० |
| १८ विचारसप्ततिका | ०–३–० |
| १९ अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. | ०–२–० |
| २० पञ्चसूत्रम् | ०–८–० |
| २१ जम्बूस्वामी चरित्रम् | ०–४–० |
| २२ रत्नपाळनृपकथानकम् | ०–५–० |
| २३ सूक्तरत्नावली | ०–४–० |
| २४ मेघदूतसमस्यालेखः | ०–४–० |
| २५ चेतोदूतम् | ०–४–० |
| २६ अष्टाह्निकाव्याख्यानम् | ०–६–० |
| २७ चम्पकमालाकथानकम् | ०–६–० |
| २८ सम्यक्त्वकौमुदी | ०-१२-० |
| २९ श्राद्धगुणविवरणम् | १–०–० |
| ३० धर्मरत्नप्रकरणं ( स्वोपज्ञटीकया समलंकृतम् ) | ०-१२-० |
| ३१ कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् ) | ०–०–० |
| ३२ उत्तराध्ययनम् ( भावविजयगणिविरचितटीकयोपेतम् ) | ५–०–० |
| ३३ उपदेशसप्ततिका | ०-१३-० |
| ३४ कुमारपालप्रबन्धः | १–०–० |
| ३५ आचारोपदेशः | ०–३–० |
| ३६ रोहिण्यशोकचन्द्रकथा | ०–२–० |
| ३७ ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम् | १–०–० |
| ३८ गुरुगुणषट्‌त्रिंशत्षट्‌त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) | ०-१०-० |
| ३९ समयसारप्रकरणं ( स्वोपज्ञव्याख्योपेतम् ) | ०-१०-० |
| ४० सुकृतसागरम् | ०-१२-० |
| ४१ धम्मिलकथा | ०–२–० |
| ४२ धन्यकथानकम् | ०–२–० |
| ४३ प्रतिमाशतकम् | ०–८–० |
| ४४ चतुर्विंशतिस्तुतिसंग्रहः | ०–६–० |
| ४५ रौहिणेयकथा | ०–२–० |
| ४६ क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) | १–०–० |
| ४७ श्राद्धविधिः ( विधिकौमुदीनाम्न्या वृत्त्योपेतः ) | २–८–० |
| ४८ बृहत्संग्रहणी | २–८–० |
| ४९ षडदर्शनसमुच्चयः | ३–०–० |
| ५० पञ्चसंग्रहः | ३–८–० |
| ५१ सुकृतसंकीर्तनमहाकाव्यम् | ०-१२-० |
| ५२ चत्वारः प्राचीनकर्मग्रन्थाः | २–८–० |
| ५३ सम्बोधसप्ततिः | ०-१०-० |
| ५४ कुवलयमाला कथा–संस्कृत | १–८–० |
| ५५ सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीकयाभूषितम् ) | ०-१०-० |
| ५६ करुणावज्रायुधनाटकम् । | ०–४–० |
| ५७ कुमारपालचरित्रमहाकाव्यम् | ०-१०-० |
| ५८ महावीरचरियं | १–०–० |
| ५९ कौमुदीमित्राणन्दनाटकम् | ०–८–० |
| ६० प्रबुद्धरौहिणेयम् | ०–६–० |
| ६१ धर्माभ्युदयम् | ०–६–० |
| ६२ पञ्चनिर्ग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे | ०–८–० |
| ६३ रयणसेहरीकहा | ०–८–० |
| ६४ सिद्ध प्राभृत | ०-१०-० |
| ६५ दानप्रदीपं | २–.–० |
| ६६ बंध हेतूदयत्रिभंगी आदि | ०-१२-० |
| ६७ धर्म परिक्षा | ०-१२-० |
| ६८ सप्ततिशतस्थान | १–०–० |
| ६९ चैत्यवंदन महाभाष्य | १-१२-० |
| ७० प्रश्नपद्धति | ०–२–० |
| ७१ कल्प किरणावली | ०–०–० |
| ७२ योगदर्शन | १–८–० |
| ७३ मंडल प्रकरण | ०–४–० |
| ७४ देवेन्द्रनरकेन्द्र सटीक | ०-१२-० |
| ७५ सुमुखनृपादिकथानकम् | ०–८–० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गुजराती भाषाना ग्रंथो.

## छपायेला परचुरण संस्कृत ग्रंथो.

१ मेरु त्रयोदशी कथा. ०-४-०
२ सुसढ चरित्र. ०-२-०
३ श्री सुदर्शना चरित्र ( प्रथम भाग ) ०-६-०
४ जल्प मंजरी. ०-२-०
५ जैन व्रतक्रिया विधि. भेट.
६ साधु आवश्यक क्रियासूत्र. ,,
७ नळदमयंती आख्यान. ,,
८ श्री अनुत्तरोपपातिक दशासूत्र. ०-६-०

## छपायेला जैन ऐतिहासिक ग्रंथो.

( श्रीमान् प्रवर्तकजी श्री कान्तिविजयजी ग्रंथमाळा. )

१ विज्ञप्ति त्रिवेणी. १-०-०
२ कृपा रसकोष. १-०-०
३ शत्रुंजय तिर्थोद्धार प्रबंध. १-०-०
४ प्राचीन जैन लेख संग्रह भाग १ लो १-०-०
५ द्रौपदी स्वयंवर नाटक. ०-४-०
६ प्राचीन लेख संग्रह भा. २ जो. ३-८-०

## छपायेला गुजराती भाषानां पुस्तको.

१ श्री जैन तत्वादर्श. (शास्त्री) ५-०-०
२ नवतत्त्वनो सुंदर बाध. ०-१०-०
३ देवसीराइ प्रतिक्रमण. ०-३-०
४ जीवविचार वृत्ति. ०-६-०
५ अज्ञान तिमिर भास्कर. २-८-०
६ जैन धर्म विषयिक प्रश्नोत्तर. ०-८-०
७ जैन तत्त्वसार. मूळ तथा भाषांतर ०-६-०
८ दंडक विचार वृत्ति. मूळ, अवचूरि ०-८-०
९ नयमार्ग दर्शक. ०-१२-०
१० हंसविनोद. ( शास्त्री ) ०-१२-०
११ विविध पूजासंग्रह. ०-८-०
१२ कुमारविहार शतक. मूळ, अवचूरि अने भाषांतर साथे (शास्त्री) १-८-०
१३ जैन तत्त्वसार भाषांतर ०-२-०
१४ प्रकरण संग्रह ०-४-०
१५ नवाणुं प्रकारी पूजा. ०-८-०
१६ आत्मवल्लभ स्तवनावली ०-६-०
१७ मोक्षपद सोपान. ०-१२-०
१८ धर्मबिन्दु ग्रंथ, मूळ टीका अने भाषांतर साथे. २-८-०
१९ प्रश्नोत्तर पुष्पमाला. (शा.) ०-१४-०
२० ध्यानविचार. ( गुजराती ) ०-३-०
२१ श्रावक कल्पतरु ०-६-०
२२ आत्मप्रबोध ग्रंथ. (शास्त्री) २-८-०
२३ आत्मोन्नति. ०-१०-०
२४ प्रकरण पुष्पमाळा प्रथम पुष्प ०-६-०
२५ जंबुस्वामी चरित्र. ०-८-०
२६ जैन ग्रंथ गाइड (गुजराती) १-०-०
२७ तपोरत्न महोदधि भाग १-२ तमाम तप विधि साथे ०-८-०
२८ विविध पूजासंग्रह. (बी. आवृत्ति) १-४-०
२९ सम्यक्त्व स्तव ०-४-०
३० श्री श्राद्धगुण विवरण १-८-०
३१ चंपकमाळा चरित्र. ०-८-०
३२ कुमारपाळ चरित्र ( हिंदि ) नथी
३३ श्री सम्यक्त्व कौमुदी. ,, १-०-०
३४ प्रकरण पुष्पमाला बीजुं रत्न ०-८-०
३५ अनुयोगद्वार सूत्र ०-८-०
३६ अध्यात्ममत परीक्षा. ०-४-०
३७ गुरुगुण छत्रीशी. ०-८-०
३८ श्री शत्रुंजय तीर्थ स्तवना. ०-५-०
३९ श्री आत्मकान्ति प्रकाश. ०-४-०
४० ज्ञानामृत काव्यकुंज (ज्ञानसार अष्टक गद्य, पद्य, अनुवाद सहित) ०-१२-०
४१ श्री देव भक्तिमाळा प्रकरण. १-०-०
४२ श्री उपदेश सप्ततिका. १-०-०
४३ संबोध सित्तरी नथी.
४४ गुणमाला ( पंचपरमेष्ठिना १०८ गुणनुं वर्णन अनेक कथाओ सहित ४-८-०

## छपाता ग्रंथो.

श्री नेमनाथ चरित्र.
सुमुखनृपादिक चतुष्ट कथा.
श्रावक धर्म विधि.
मेघदूत काव्य.
गुरुतत्त्व विनिश्चय.

For Private And Personal Use Only